dailyhunt સંજોગ ન્યૂઝ

અમરેલી નું સુપ્રસિદ્ધ દૈનિક સંજોગ ન્યૂઝ હવે Dailyhunt પર...
અમરેલી ગુજરાત સહિત દેશ વિદેશ, રમતગમત તમામ સમાચાર
વાંચવા માટે Dailyhunt પર સંજોગ ન્યૂઝને ફોલો કરો.
https://dhunt.in/RbYBS

# સંજોગ ન્યૂઝ

SANJOG NEWS DAILY GUJARATI - AMRELI, RNI NO. GUJGUJ/2017/75270, Postal Reg.No.AMR/207/Validup to 2024-26

Year-09 | Issue-200 | AD-2026, Vaishakh Sud -11 | Monday, Dt.27-04-2026 | Editor : Vasant Movliya : Phone : (02792) 225225 | E-mail : sanjognews@gmail.com | Page-08 Price : Rs.3-00

**સુરક્ષા એજન્સીઓની તાત્કાલિક કાર્યવાહીથી અમેરિકન રાષ્ટ્રપતિનો બચાવ**

## વ્હાઈટ હાઉસમાં ડિનર દરમિયાન ટ્રમ્પ પર હુમલાનો નિષ્ફળ પ્રયાસ

વોશિંગ્ટન, તા.૨૬

અમેરિકાની રાજધાની વોશિંગ્ટન સ્થિત વ્હાઈટ હાઉસમાં યોજાયેલી ડિનર પાર્ટી દરમિયાન ગોળીબારની ચોંકાવનારી ઘટના સામે આવી છે. આ ઘટનામાં પૂર્વ રાષ્ટ્રપતિ ટ્રમ્પ હાજર હતા અને સુરક્ષા એજન્સીઓની તાત્કાલિક કાર્યવાહીથી તેઓ સુરક્ષિત બચી ગયા. ઘટનાએ સમગ્ર અમેરિકામાં સુરક્ષા વ્યવસ્થાઓ પર ગંભીર પ્રશ્નો ઉભા કર્યા છે. માહિતી મુજબ, શનિવારે રાત્રે યોજાયેલી ડિનર પાર્ટી દરમિયાન એક અજાણ્યો હુમલાખોર અચાનક અંદર ઘૂસી ગયો અને ગોળીબાર શરૂ કર્યો. ઘટનાના સમયે ટ્રમ્પ અન્ય મહેમાનો સાથે બેઠા હતા. હુમલાખોર ટ્રમ્પની નજીક પહોંચી ગયો હતો, પરંતુયુએસ સુરક્ષા એજન્સીએ ઝડપી કાર્યવાહી કરીને તેને કાબૂમાં લઈ લીધો અને ટ્રમ્પ તથા ફર્સ્ટ લેડીને સુરક્ષિત સ્થળે ખસેડ્યા. પ્રાથમિક તપાસમાં હુમલાખોરની ઓળખ ૩૧ વર્ષીય કોલ થોમસ એલન તરીકે થઈ છે, જે કેલિફોર્નિયાના ટોરેન્સનો રહેવાસી છે. તેના પાસેથી શોટગન, હેન્ડગન અને અન્ય હથિયારો મળી આવ્યા હતા. હુમલાના હેતુ અંગે હજી સુધી સ્પષ્ટ માહિતી મળી નથી, પરંતુ એફબીઆઈ દ્વારા ઘટનાની ઊંડાણપૂર્વક તપાસ હાથ ધરવામાં આવી છે. હુમલા બાદ ટ્રમ્પે જણાવ્યું કે રાષ્ટ્રપતિ પદ હંમેશા જોખમી રહ્યું છે અને આવા પ્રયાસો તેમની કામગીરીનો ભાગ છે. તેમણે સુરક્ષા દળોની પ્રશંસા કરી અને કહ્યું કે તેમની ઝડપી કામગીરીથી મોટી દુર્ઘટના ટળી



ગઈ. એક સુરક્ષા અધિકારીને ગોળી વાગ્યાની માહિતી મળી છે, પરંતુ બુલેટપ્રૂફ જાકેટના કારણે જાનહાનિ ટળી. આ ઘટનાની પૃષ્ઠભૂમિમાં આંતરરાષ્ટ્રીય રાજકીય પરિસ્થિતિ પણ તંગ છે. અમેરિકા અને ઈરાન વચ્ચે ચાલી રહેલી શાંતિ મંત્રણાઓમાં પ્રગતિ થઈ નથી. ઈરાને સીધી વાટાઘાટોનો ઈનકાર કર્યો છે, જ્યારે અમેરિકાએ પોતાની ટીમને પાકિસ્તાન મોકલવાનું ટાળ્યું છે. આ પરિસ્થિતિ વચ્ચે વ્હાઈટ હાઉસમાં થયેલો હુમલો વધુ ચિંતા ઉભી કરે છે. યુએસ એટર્ની અને તપાસ એજન્સીઓએ જણાવ્યું છે કે આરોપી સામે બંદૂકનો ઉપયોગ અને અધિકારી પર હુમલાના કેસ નોંધાયા છે. વધુ આરોપો ઉમેરાય તેવી શક્યતા છે. સુરક્ષા વ્યવસ્થાને વધુ મજબૂત બનાવવા માટે પગલાં લેવામાં આવી રહ્યા છે. ઉલ્લેખનીય છે કે અમેરિકાના ઈતિહાસમાં ૧૯૮૧માં રોનાલ્ડ રીગન પર થયેલા હુમલા બાદ સુરક્ષા વ્યવસ્થામાં મોટા ફેરફારો કરવામાં આવ્યા હતા. હાલની ઘટનાએ ફરી એકવાર સુરક્ષા તંત્રને સતર્ક બનાવી દીધું છે.

### વ્હાઈટ હાઉસ ડિનર ગોળીબાર પર પીએમ મોદીએ વ્યક્ત કરી ચિંતા



વોશિંગ્ટન ડીસીમાં આયોજિત 'વ્હાઈટ હાઉસ કોરસપોન્ડન્ટ્સ ડિનર'માં ગોળીબારની ઘટના બની, જેમાં રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ અને અન્ય નેતાઓ સુરક્ષિત બચી ગયા છે. હુમલાખોર કોલ થોમસ એલનની ધરપકડ કરવામાં આવી છે. આ હિંસક ઘટનાની નિંદા કરતા વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ટ્વિટર પર જણાવ્યું કે, 'લોકશાહીમાં હિંસાને કોઈ સ્થાન નથી.' હુમલા દરમિયાન સિક્રેટ સર્વિસના એક એજન્ટને ગોળી વાગી હતી, પરંતુ બુલેટપ્રૂફ વેસ્ટને કારણે તેમનો જીવ બચી ગયો. આ ઘટના બાદ કાર્યક્રમ રદ કરવામાં આવ્યો છે. પીએમ મોદીએ ટ્રમ્પ અને તેમના પરિવારની સુખાકારી માટે શુભેચ્છાઓ પાઠવી છે.

## જપ્ત કરાયેલ લાંચની રકમ ઉંદરોએ નાશ કરી હોવાના દાવા પર સુપ્રિમ કોર્ટનું આશ્ચર્ય

નવી દિલ્હી, તા. ૨૬

ભ્રષ્ટાચાર નિવારણ કાયદા હેઠળના એક કેસમાં સુપ્રીમ કોર્ટે ઉંદરોએ જપ્ત કરાયેલ લાંચની રકમ નાશ કરી હોવાના દાવા પર આશ્ચર્ય વ્યક્ત કર્યું છે. ન્યાયમૂર્તિ જે.બી. પારડીવાલા અને ન્યાયમૂર્તિ કે.વી. વિશ્વનાથનની બેન્ચે નોંધ્યું કે આવી પરિસ્થિતિ રાજ્ય માટે ગંભીર મહેસૂલ નુકસાનનું કારણ બની શકે છે. અહેવાલ મુજબ, કેસમાં આરોપી મહિલા બાળ વિકાસ કાર્યક્રમ અધિકારી પર ૧૦,૦૦૦ રૂપિયાની લાંચ માંગવાનો આરોપ હતો.



શરૂઆતમાં નીચલી અદાલતે તેને નિર્દોષ જાહેર કરી હતી, પરંતુ બાદમાં પટણા હાઈકોર્ટે આ નિર્ણયને પલટાવી તેને દોષિત ઠેરવી સજા ફટકારી હતી. સુનાવણી દરમિયાન રજૂ કરાયેલ માહિતી અનુસાર, જપ્ત કરાયેલ લાંચની રકમ ધરાવતું પરબીડિયું સ્ટોરહાઉસમાં રાખવામાં આવ્યું હતું, જ્યાં ઉંદરોએ ચલણી નોટો નષ્ટ કરી દીધી હોવાનો દાવો કરવામાં આવ્યો હતો. સુપ્રીમ કોર્ટે આ સમજૂતીને વિશ્વાસપાત્ર ગણાવી નથી અને આ મુદ્દે ગંભીર પ્રશ્નો ઉઠાવ્યા છે. હાલમાં, સુપ્રીમ કોર્ટે આરોપીની સજા પર રોક લગાવી છે અને તેને જામીન પર મુક્ત કરવાનો આદેશ આપ્યો છે. જામીનની શરતો સંબંધિત ટ્રાયલ કોર્ટ દ્વારા નક્કી કરવામાં આવશે. સાથે જ અદાલતે સ્પષ્ટ કર્યું છે કે અંતિમ સુનાવણી દરમિયાન આ મુદ્દાની વિગતવાર તપાસ કરવામાં આવશે. પટણા હાઈકોર્ટે પોતાના અવલોકનમાં જણાવ્યું હતું કે જો અન્ય પુરાવા દોષ સાબિત કરવા માટે પૂરતા હોય, તો માત્ર લાંચની રકમ નાશ પામવાથી કેસ નબળો પડતો નથી.

## અજિત ડોભાલનું ગલ્ફ મિશન તેજ : અબુ ધાબીમાં યુએઈ રાષ્ટ્રપતિ સાથે મહત્વપૂર્ણ બેઠક

અબુધાબી, તા. ૨૬

મધ્ય પૂર્વમાં વધતા તણાવ વચ્ચે ભારતના રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર અજિત ડોભાલ ગલ્ફ પ્રવાસના ભાગરૂપે અબુ ધાબી પહોંચ્યા અને યુનાઈટેડ અરબ એમિરેટ્સના રાષ્ટ્રપતિ શેખ મોહમ્મદ બિન ઝાયેદ અલ નાહ્યાન સાથે મહત્વપૂર્ણ બેઠક કરી. આ મુલાકાત દરમિયાન બંને પક્ષોએ પશ્ચિમ એશિયાની વર્તમાન પરિસ્થિતિ, પ્રાદેશિક સ્થિરતા અને ચાલી રહેલા ભૂ-રાજકીય વિકાસ પર વિસ્તૃત ચર્ચા કરી. મીડિયા અહેવાલો મુજબ, ઈઝરાયલ-ઈરાન



વચ્ચેના તણાવ બાદ સમગ્ર વિસ્તારમાં ઊભી થયેલી સુરક્ષા ચિંતાઓ, આર્થિક હિતો અને દ્વિપક્ષીય સંકલન મુદ્દાઓ પર ખાસ ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું. ડોભાલની આ મુલાકાત ભારત દ્વારા ગલ્ફ દેશો સાથેના વ્યૂહાત્મક સંબંધોને વધુ મજબૂત બનાવવાના પ્રયાસોનો એક મહત્વપૂર્ણ ભાગ માનવામાં આવે છે. આ પહેલાં, અજિત ડોભાલે ૨૦ એપ્રિલે સાઉદી અરેબિયાની મુલાકાત લીધી હતી, જ્યાં તેમણે ઊર્જા અને વિદેશ પ્રધાન સહિતના વરિષ્ઠ નેતાઓ સાથે ચર્ચાઓ કરી હતી. આ ચર્ચાઓમાં વૈશ્વિક વેપાર માર્ગોની સુરક્ષા, હોર્મુઝ જળમાર્ગની સ્થિરતા, ગુપ્તચર માહિતીના આદાનપ્રદાન અને આર્થિક સહકારને વધુ ગાઢ બનાવવાના મુદ્દાઓ સામેલ હતા. વિદેશ મંત્રાલયના પ્રવક્તા રણધીર જયસ્વાલે જણાવ્યું હતું કે વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નિર્દેશન હેઠળ ગલ્ફ દેશોમાં ભારતની સક્રિય કૂટનીતિક પહોંચ સતત વધી રહી છે. નિષ્ણાતો માનીએ છે કે આ મુલાકાતો પ્રદેશમાં શાંતિ અને સ્થિરતા જાળવવા માટે મહત્વપૂર્ણ સાબિત થઈ શકે છે.

**ઉત્તર અને મધ્ય ભારતમાં સુર્યનારાયણનો પ્રકોપ ચરમસીમાએ**

## ઉત્તર ભારતમાં ગરમીનો કહેર : દિલ્હીમાં ૪ વર્ષનો રેકોર્ડ તૂટ્યો

નવી દિલ્હી, તા. ૨૬

એપ્રિલ મહિનો પૂર્ણ થવા આવ્યો છે ત્યારે જ ઉત્તર અને મધ્ય ભારતમાં ગરમીનો પ્રકોપ ચરમસીમાએ પહોંચ્યો છે. હવામાન વિભાગ (આઈએમડી)ના જણાવ્યા મુજબ, આગામી ત્રણ દિવસ સુધી તીવ્ર ગરમીથી કોઈ ખાસ રાહત મળવાની શક્યતા નથી. ઉત્તર પશ્ચિમ અને મધ્ય ભારતના વિસ્તારોમાં હીટવેવ જેવી પરિસ્થિતિ સર્જાઈ રહી છે.



શનિવારે ઉત્તર પ્રદેશના બાંદા જિલ્લામાં તાપમાન ૪૭.૪ ડિગ્રી સેલ્સિયસ સુધી પહોંચતાં તે દેશનું સૌથી ગરમ સ્થળ બન્યું હતું. રાજધાની દિલ્હીમાં મહત્તમ તાપમાન ૪૨.૮ ડિગ્રી સેલ્સિયસ નોંધાયું, જે સામાન્ય કરતાં ૫.૧ ડિગ્રી વધારે છે. આ છેલ્લા ચાર વર્ષમાં એપ્રિલ મહિનાનો સૌથી ગરમ દિવસ ગણાયો છે. અગાઉ ૨૮ એપ્રિલ, ૨૦૨૨ના રોજ તાપમાન ૪૩.૫ ડિગ્રી સુધી નોંધાયું હતું. ગરમીનો અસર માત્ર દિવસ દરમિયાન જ નહીં, પરંતુ રાત્રી દરમિયાન પણ જોવા મળી રહી છે. દિલ્હીના સફદરજંગ હવામાન કેન્દ્રમાં લઘુત્તમ તાપમાન ૨૫.૨ ડિગ્રી નોંધાયું, જે સામાન્ય કરતાં ઊંચું છે. આગામી દિવસોમાં રાત્રિ તાપમાન ૨૫ થી ૨૭ ડિગ્રી વચ્ચે રહેવાની સંભાવના વ્યક્ત કરવામાં આવી છે. હવામાન વિભાગે દિલ્હી, પંજાબ, હરિયાણા, ઉત્તર પ્રદેશ અને ચંદીગઢ માટે પીળો એલર્ટ જાહેર કર્યો છે. જો કે, મંગળવારથી હવામાનમાં ફેરફાર થવાની શક્યતા છે. પૂર્વીય પવનોના પ્રભાવને કારણે તાપમાનમાં ઘટાડો થઈ શકે છે અને સોમવારથી હળવો વરસાદ, ગાજવીજ તથા તેજ પવનની શક્યતા છે, જેના કારણે બુધવાર સુધી ગરમીમાં થોડી રાહત મળી શકે છે. હિમાચલ પ્રદેશમાં પણ ગરમીનો પ્રભાવ જોવા મળી રહ્યો છે. ઉનામાં તાપમાન ૪૨.૨ ડિગ્રી સુધી પહોંચ્યું છે, જ્યારે અન્ય વિસ્તારોમાં પણ તાપમાનમાં વધારો નોંધાયો છે. આગામી દિવસોમાં કેટલાક વિસ્તારોમાં વરસાદ અને ગાજવીજની શક્યતા વ્યક્ત કરવામાં આવી છે.

## રાજીનામાના ૧૨ દિવસ પછી નીતિશ કુમાર જદયુ કાર્યાલયે પહોંચ્યા

પટણા, તા. ૨૬

બિહારના મુખ્યમંત્રી પદેથી રાજીનામું આપ્યાના ૧૨ દિવસ બાદ નીતિશ કુમાર રવિવારે જદયુ કાર્યાલયે પહોંચ્યા અને ભામાશાહ જયંતિ નિમિત્તે આયોજિત કાર્યક્રમમાં હાજરી આપી. દર વર્ષની જેમ આ પ્રસંગે ખાસ આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં પાર્ટીના અનેક નેતાઓ અને કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા. કાર્યાલયે પહોંચતા જ નીતિશ કુમારનું કાર્યકરો દ્વારા



ઉષ્માભેર સ્વાગત કરવામાં આવ્યું હતું. તેમણે કાર્યકરોની શુભેચ્છાઓ સ્વીકારી અને કાર્યક્રમ દરમિયાન તેમના પર બનાવવામાં આવેલા ગીત પર તાળીઓ પાડી. સાથે જ સ્ટેજ પર બેઠેલા નેતાઓને પણ તેમણે તાળીઓ પાડી અભિવાદન આપ્યું. બિહારના નાયબ મુખ્યમંત્રી વિજય ચૌધરીએ જણાવ્યું કે નીતિશ કુમાર અગાઉ પણ અનેક વખત પાર્ટી કાર્યાલયની મુલાકાત લેતા રહ્યા છે અને કાર્યકરો સાથે સીધો સંપર્ક જાળવી રાખે છે. તેમના આ પ્રકારના સંપર્કથી કાર્યકરોમાં ઉત્સાહ વધે છે. આ કાર્યક્રમમાં બે નાયબ મુખ્યમંત્રીઓ ઉપરાંત લેશી સિંહ, અશોક ચૌધરી, શ્રવણ કુમાર સહિતના નેતાઓ હાજર રહ્યા હતા.





## આપ સાંસદોને ગેરલાયક ઠેરવવા ભગવંત માનની માંગ

ચંદીગઢ, તા. ૨૬

પંજાબના મુખ્યમંત્રી ભગવંત માન અને આમ આદમી પાર્ટીના નેતા સંજય સિંહે રાજ્યસભાના સાત સાંસદોને ગેરલાયક ઠેરવવાની માંગ ઉઠાવી છે. આ સાંસદોએ તાજેતરમાં પક્ષ છોડતાં રાજકીય હલચલ વધી છે. ભગવંત માને રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ સાથે મુલાકાત માટે વિનંતી કરી છે. તેઓ પંજાબના ધારાસભ્યો સાથે મળી પક્ષપલટા વિરોધી કાયદા હેઠળ આ સાંસદોની સભ્યતા રદ કરવાની રજૂઆત કરશે. સંજય



સિંહે જણાવ્યું કે રાજ્યસભાના અધ્યક્ષને પત્ર લખીને પણ આ મુદ્દો ઉઠાવવામાં આવશે. તેમણે સ્પષ્ટ કર્યું કે બંધારણની દસમી અનુસૂચિ મુજબ રાજ્યસભા કે લોકસભામાં કોઈ વિભાજન કે જૂથને માન્યતા નથી, ભલે બે તૃતીયાંશ બહુમતી હોય.



સંજોગ ન્યૂઝ
આપણું અમરેલી
સોમવાર, તા.૨૭-૦૪-૨૦૨૬

## રાજકીય આગેવાનોએ પોતાના વતન ખાતે મતદાન કર્યું,વરકન્યાએ લોકશાહીના પર્વને પ્રાથમિકતા આપી

# અમરેલી જિલ્લાના મતદારોએ લોકશાહીના પર્વને ઉત્સાહભેર ઉજવ્યો

### ઈફકોના ચેરમેન દિલીપ સંઘાણીએ મતદાન કરી લોકશાહનું પર્વ ઉજવ્યું



દિલીપભાઈ સંઘાણીએ સજોડે મતદાન કર્યું.ઈફકોના ચેરમેન દિલીપભાઈ સંઘાણીએ સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં પોતાના વતન માળીલા ખાતે ગીતાબેન સંઘાણી સાથે સજોડે મતદાન કર્યું. મતદાન કેન્દ્ર પર પહોંચી, લોકશાહીના પર્વમાં ભાગ લીધો.

### દેવરાજીયામાં રાજ્યમંત્રી કૌશિક વેકરીયાએ સજોડે મતદાન કર્યું



અમરેલી જિલ્લામાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી અંતર્ગત દેવરાજીયા મુકામે ઊર્જા રાજ્યમંત્રી કૌશિકભાઈ વેકરીયાએ સજોડે મતદાન કર્યું. તેમણે નાગરિકોને વધુમાં વધુ મતદાન કરીને લોકશાહીને મજબૂત બનાવવા અપીલ કરી હતી.

### અમરેલીના સાંસદ ભરત સુતરીયાએ કર્યું મતદાન



અમરેલીના સાંસદ સુતરીયાએ પોતાના વતન જરખિયા ગામે સજોડે મતદાન કર્યું હતું. સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં વિકાસ માટે મતદાન કરવા અપીલ કરી જણાવ્યું હતું કે,મતદાન કરવુ એ મતદારોનો અધિકાર અને ફરજ પણ છે.

### વિઠ્ઠલપુર ખંભાળિયા ગામે લગ્ન પહેલા મતદાન કરવા દુલ્હન પહોંચ્યાં



અમરેલી તાલુકાના વિઠ્ઠલપુર ગામે લગ્નમંડપમાં બેસવાને બદલે હેતલબેન રામજીભાઈ માધડે પ્રથમ મતદાન મથક પર જઈ લોકશાહીના મહાપર્વમાં ભાગ લીધો હતો અને ત્યારબાદ લગ્નમંડપમાં પહોંચ્યા હતા.









અમરેલી જિલ્લામાં સ્થાનિક સ્વરાજ્યની સામાન્ય તથા પેટા ચૂંટણી-એપ્રિલ ૨૦૨૬ અંતર્ગત મતદાન પ્રક્રિયા શાંતિપૂર્ણ અને ઉત્સાહપૂર્ણ માહોલમાં સફળતાપૂર્વક પૂર્ણ થઈ છે. સવારે ૭ વાગ્યાથી જિલ્લામાં લોકશાહીના પર્વનો આરંભ થયો હતો.જિલ્લામાં કુલ ૬ નગરપાલિકાઓ, ૧૧ તાલુકા પંચાયતો તથા જિલ્લા પંચાયતની ૩૪ બેઠકો માટે મતદાન યોજાયું હતું. મતદાન દરમિયાન યુવાનો, મહિલાઓ અને વરિષ્ઠ નાગરિકોએ ઉત્સાહપૂર્વક પોતાના મતાધિકારનો ઉપયોગ કરીને લોકશાહીના પર્વને ઉજવ્યો હતો.ગ્રામ્ય વિસ્તારોના મતદાન મથકો પર મતદારોને સુવિધા મળે તે માટે વહીવટી તંત્ર દ્વારા પીવાના પાણી સહિતની જરૂરી વ્યવસ્થાઓ કરવામાં આવી હતી. ગરમીને ધ્યાનમાં રાખીને પણ ખાસ વ્યવસ્થાઓ ગોઠવાઈ હતી, જેના કારણે મતદારોને કોઈ ખાસ મુશ્કેલીનો સામનો કરવો પડ્યો નહોતો. સમગ્ર જિલ્લામાં શાંતિપૂર્ણ માહોલ જળવાયો રહ્યો હતો અને કોઈ અનિચ્છનીય ઘટના નોંધાઈ નથી. આમ, મતદાન પ્રક્રિયા સુચારુ રીતે પૂર્ણ થતાં જિલ્લા વહીવટીતંત્રે રાહતનો શ્વાસ લીધો છે.

## અમરેલી તાલુકાના પીઠવાજાળ ગામે ઉત્સાહભેર મતદાન



અમરેલી,તા.૨૬


અમરેલી તાલુકાના પીઠવાજાળ ગામમાં મતદાતાઓએ મોટા પ્રમાણમાં મતદાન કરીને લોકશાહીના મહાપર્વમાં ઉત્સાહપૂર્વક ભાગ લીધો.યુવાનો, મહિલાઓ અને વડીલો સહિત તમામ વર્ગના મતદાતાઓએ પોતાના મતાધિકારનો ઉપયોગ કર્યો. ગામમાં શાંતિપૂર્ણ માહોલ વચ્ચે મતદાન પ્રક્રિયા પૂર્ણ થઈ હતી.

## વડિયા શહેરમાં ચૂંટણીમાં દિવ્યાંગ મતદારે લોકશાહીના પર્વને ઉજવ્યો

### જાગૃત નાગરિક તરીકેનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડ્યું

વડિયા,તા.૨૬

વડિયામાં રહેતા દિવ્યાંગ મતદાર રાજુભાઈ રાવરાણીએ મોંઘીબા પે સેન્ટર શાળામાં ઉત્સાહપૂર્વક પોતાના મતાધિકારનો ઉપયોગ કરી એક જાગૃત નાગરિક તરીકેનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડ્યું હતું.



મતદાન કર્યા બાદ તેમણે લોકશાહીના માળખાને વધુ મજબૂત બનાવવા માટે દરેક નાગરિકને અચૂક મતદાન કરવા માટે પ્રેરક અપીલ કરી હતી. આ અવસરે વહીવટી તંત્રના કર્મચારીઓએ પણ સક્રિય રહીને દિવ્યાંગ અને વૃધ્ધ મતદારોને મતદાનમાં કોઈ અગવડ ન પડે તેની ખાસ તકેદારી રાખી હતી. વડિયામાં વહીવટી સ્ટાફના સહયોગ અને મતદારોના ઉત્સાહને કારણે લોકશાહીનો આ ઉત્સવ ખરા અર્થમાં દીપી ઉઠ્યો હતો.

## અમરેલી શહેર ભાજપના પૂર્વ મહામંત્રી ભરત મકવાણાના પરિવારે મતદાન કર્યું



અમરેલી,તા.૨૬

અમરેલી શહેર ભાજપના પૂર્વ મહામંત્રી ભરત મકવાણાએ પરિવાર સાથે મતદાન કર્યું. આજરોજ અમરેલી નગરપાલિકાની સ્થાનિક સ્વરાજ્ય ચૂંટણીમાં અમરેલી શહેર ભાજપના પૂર્વ મહામંત્રી ભરત મકવાણાએ પરિવાર સાથે મતદાન કર્યું. લાઠી રોડ પર આવેલ સરસ્વતી વિદ્યામંદિર ખાતે તેમણે પોતાના મતાધિકારનો ઉપયોગ કર્યો.









**જિલ્લા પંચાયતની ૩૪ બેઠકો માટે ૫૨.૯૯ ટકા મતદાન, આવતીકાલે મત ગણતરી**

# અમરેલી જિલ્લામાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં સરેરાશ ૫૨ થી ૫૮ ટકા મતદાન

અમરેલી,તા.૨૬

ગુજરાત રાજ્ય ચૂંટણી આયોગ દ્વારા આયોજિત સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓની સામાન્ય અને પેટા ચૂંટણી-એપ્રિલ ૨૦૨૬ અંતર્ગત અમરેલી જિલ્લામાં રવિવારે મતદાનની પ્રક્રિયા અત્યંત શાંતિપૂર્ણ અને સુમેળભર્યા વાતાવરણમાં પૂર્ણ થઈ હતી. વહીવટી તંત્ર દ્વારા કરવામાં આવેલી સુદ્રઢ વ્યવસ્થા અને ચુસ્ત પોલીસ બંદોબસ્તને કારણે સમગ્ર જિલ્લામાં ક્યાંય પણ અનિચ્છનીય બનાવ નોંધાયો નથી.

અમરેલી જિલ્લામાં જિલ્લા પંચાયત, ૦૬ નગરપાલિકાઓ અને ૧૧ તાલુકા પંચાયતો માટે સવારના ૭:૦૦ વાગ્યાથી સાંજના ૬:૦૦ વાગ્યા સુધી સઘન મતદાન યોજાયું હતું. વિવિધ સ્તરે થયેલા મતદાનની વિગત આ મુજબ છે. જેમાં જિલ્લા પંચાયતની સામાન્ય ચૂંટણીમાં કુલ ૮,૬૪,૮૮૦ નોંધાયેલા મતદારોમાંથી અંદાજે ૫૨.૯૯ ટકા મતદાન નોંધાયું છે. જેમાં ૨,૫૭,૧૯૧ પુરુષો અને ૨,૦૧,૧૧૦ મહિલાઓએ પોતાના મતાધિકારનો ઉપયોગ કર્યો હતો.

અમરેલી, બાબરા, સાવરકુંડલા, ધારી, બગસરા અને દામનગર એમ કુલ ૦૬ નગરપાલિકાઓના ૪૫ વોર્ડની ૧૭૪ બેઠકો પર અંદાજે ૫૭.૯૧ ટકા મતદાન થયું હતું. કુલ ૨,૦૭,૮૮૧ મતદારોમાંથી અંદાજે ૬૬,૮૦૮ પુરુષ અને ૫૩,૫૬૪ મહિલા મતદારોએ મતદાન કર્યું હતું.

જિલ્લાની ૧૧ તાલુકા પંચાયતોની ૧૮૬ બેઠકો પર અંદાજે ૫૨.૮૯ ટકા મતદાન નોંધાયું હતું. અહીં કુલ ૮,૪૮,૬૧૨ મતદારો નોંધાયેલા હતા, જેમાંથી ૪,૪૮,૭૯૫ મતદારોએ લોકશાહીના આ પર્વમાં ભાગ લીધો હતો. ચૂંટણી સાથે સંકળાયેલા તમામ કર્મચારીઓ અને સુરક્ષાકર્મીઓની નિષ્ઠાપૂર્વકની કામગીરીને કારણે જ આટલી વિશાળ પ્રક્રિયા સરળતાથી સંપન્ન થઈ શકી છે. આવતીકાલે દરેક તાલુકા મથક પર મતગરી થશે ત્યારે મતદારોએ કોના પર પસંદગીનો કળશ ઢોળ્યો છે તે ખબર પડશે.

**નગરપાલિકા ચૂંટણીમાં મતદાનની ટકાવારી**

| નગરપાલિકાનું નામ | બેઠકોની સંખ્યા | મતદાનની સંખ્યા | ટકાવારી |
|---|---|---|---|
| અમરેલી | ૪૧ | ૪૧૪૭૫ | ૫૨.૨૧ |
| બાબરા | ૨૪ | ૧૦૦૭૪ | ૬૮.૩ |
| સાવરકુંડલા | ૩૬ | ૩૪૦૨૭ | ૬૦.૫૬ |
| ધારી | ૨૪ | ૧૨૭૬૪ | ૬૨.૯૫ |
| બગસરા | ૨૮ | ૧૫૧૧૧ | ૫૯.૨૯ |
| દામનગર | ૨૧ | ૬૯૩૨ | ૫૯.૦૧ |
| કુલ | ૧૭૪ | ૧૨૦૩૮૩ | ૫૭.૯૧ |

**તાલુકા પંચાયત ચૂંટણીમાં મતદાનની ટકાવારી**

| તાલુકા પંચાયતનું નામ | થયેલ મતદાનની સંખ્યા | ટકાવારી |
|---|---|---|
| અમરેલી | ૫૧૩૩૪ | ૫૪.૧૨ |
| કુંકાવાવ-વડીયા | ૩૮૨૮૭ | ૪૯.૨૬ |
| લાઠી | ૩૫૮૫૬ | ૪૯.૨૫ |
| બાબરા | ૫૦૨૩૯ | ૫૫.૫ |
| સાવરકુંડલા | ૬૨૦૬૩ | ૫૨.૨૨ |
| લીલીયા | ૨૫૦૯૨ | ૫૨.૬૬ |
| ધારી | ૩૬૨૬૮ | ૫૦.૪૮ |
| બગસરા | ૨૪૪૦૯ | ૫૪.૦૭ |
| ખાંભા | ૪૦૩૦૧ | ૫૬.૦૭ |
| રાજુલા | ૫૫૦૬૯ | ૫૧.૮૬ |
| જાફરાબાદ | ૨૯૭૭૭ | ૫૮.૪૨ |
| કુલ | ૪૪૮૭૯૫ | ૫૨.૮૯ |

# અમરેલીના મોટા આંકડીયા બેઠક પર 'ભાજપ' અને 'આપ' વચ્ચે ટપલીદાવ

અમરેલી,તા.૨૬



અમરેલી જિલ્લાની મોટા આંકડીયા બેઠક પર મતદાન પ્રક્રિયા દરમિયાન રાજકીય ગરમાવો જોવા મળ્યો હતો. ભાજપ અને આમ આદમી પાર્ટી (AAP) ના કાર્યકરો સામસામે આવી જતાં મતદાન મથક પર હોબાળો મચ્યો હતો. વિવાદની શરૂઆત ત્યારે થઈ જ્યારે 'આપ'ના કાર્યકર હાર્દિક વઘાસીયાએ સોશિયલ મીડિયા લાઈવ દ્વારા ગંભીર આક્ષેપ કર્યો કે ભાજપ દ્વારા મતદાન મથક પર 'ડુપ્લીકેટ' એજન્ટ બેસાડવામાં આવ્યો છે.

આ આક્ષેપો બાદ બંને પક્ષના કાર્યકરો વચ્ચે ઉગ્ર બોલાચાલી થઈ હતી, જે બાદમાં 'ટપલીદાવ' એટલે કે સામાન્ય ઝપાઝપીમાં ફેરવાઈ હતી. પરિસ્થિતિ વણસતા સ્થાનિક પોલીસ કાફલો તાત્કાલિક ઘટનાસ્થળે દોડી ગયો હતો અને મામલો શાંત પાડ્યો હતો.

# અમરેલી વોર્ડ-૧૦માં એકની જગ્યાએ બીજા વ્યક્તિ મતદાન કરી જતા ગેરરીતીના આક્ષેપો

અમરેલી,તા.૨૬



અમરેલીના વોર્ડ નંબર ૧૦માં મતદાન દરમિયાન ગેરરીતિના ગંભીર આક્ષેપો સામે આવ્યા છે. એક યુવાન મતદાર વિક્રમ સોલડીયાના નામે અજાણ્યા વ્યક્તિ દ્વારા મતદાન કરવામાં આવ્યું હોવાનો આરોપ છે, જે લોકશાહી પ્રક્રિયા માટે ચિંતાજનક છે. આ મામલે ચૂંટણી અધિકારીઓ દ્વારા તાત્કાલિક તપાસ જરૂરી બની છે. સીસીટીવી ફૂટેજની ચકાસણી કરીને આરોપીની ઓળખ કરી કાયદેસર કાર્યવાહી કરવાની માંગ ઉઠી છે. આ ઘટનાએ ચૂંટણીની પારદર્શિતા અને વિશ્વસનીયતા સામે પ્રશ્નો ઉભા કર્યા છે. ચૂંટણી પંચના નિયમો મુજબ, જે મતદારનો મત અન્ય કોઈ આપી જાય, તેને 'ટેન્ડર્ડ વોટ'નો અધિકાર મળે છે. મતદારે પીઠાસીન અધિકારી સમક્ષ ઓળખ સાબિત કરી ફોર્મ ૧૭-બી ભર્યા બાદ બેલેટ પેપર દ્વારા મતદાન કરી શકે છે, જે મત સીલબંધ રાખવામાં આવે છે.

# મોટા આંકડિયામાં ઢોલ-નગારાઓ સાથે સામૂહિક મતદાન

મોટા આંકડિયા,તા.૨૬



સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી અંતર્ગત અમરેલી જિલ્લાના મોટા આંકડિયા ગામે લોકશાહીના પર્વને અનોખી રીતે ઉજવાયો. જિલ્લા પંચાયતના ઉમેદવાર ડેનીભાઈ પરમારે ગામના નાગરિકો સાથે સામૂહિક રીતે મતદાન કર્યું. આ પ્રસંગે પ્રદેશ ભાજપના ડીબેટ પેનાલિસ્ટ શૈલેષ પરમાર પણ હાજર રહ્યા હતા.ગામમાં ઢોલ-નગારાં અને શરણાઈના નાદ સાથે મતદાતાઓ ઉત્સાહપૂર્વક મતદાન કેન્દ્ર સુધી પહોંચ્યા હતા. યુવાનો, મહિલાઓ અને વડીલો સહિત તમામ વર્ગના લોકોએ મતદાનમાં ભાગ લીધો હતો.આ રીતે સામૂહિક મતદાન દ્વાર લોકશાહીનું મહત્વ ઉજાગર કરવામાં આવ્યું હતું.

# અમરેલીના જેશીંગપરામાં ત્રણ પેઢીએ સાથે મતદાન કર્યું


અમરેલી,તા.૨૬



અમરેલીના જેશીંગપરામાં લોકશાહીના મહાપર્વ દરમિયાન ત્રણ પેઢીના સથવારે મતદાનની અનોખી ઝલક જોવા મળી. રૂત્વા માંગરોલીયાએ આજે પ્રથમ વખત પોતાના મતાધિકારનો ઉપયોગ કર્યો, યુવા મતદાતાઓમાં ખાસ ઉત્સાહ જોવા મળ્યો હતો.પરિવાર સાથે મતદાન કરીને લોકશાહી પ્રત્યેની જવાબદારીનો સંદેશ આપ્યો હતો.

# બગસરામાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી શાંતિપૂર્ણ માહોલમાં પૂર્ણ

બગસરા,તા.૨૬



બગસરા પંથકમાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી શાંતિપૂર્ણ માહોલમાં પૂર્ણ થઈ હતી. નગરપાલિકામાં કુલ ૫૯.૨૯ ટકા મતદાન નોંધાયું હતું, જ્યારે તાલુકા વિસ્તારમાં ૫૪.૧ ટકા મતદાન થયું હતું. નગરપાલિકાની ૨૮ બેઠકો માટે કુલ ૮૭ ઉમેદવારોનું ભાવિ ઈવીએમમાં સીલ થયું છે. તાલુકા પંચાયતની ૧૬ બેઠકો માટે ૪૭ ઉમેદવાર અને જિલ્લા પંચાયતની ૨ બેઠકો માટે ૬ ઉમેદવારો મેદાનમાં રહ્યા હતા. ચૂંટણી દરમિયાન પોલીસ દ્વારા ચાંપતો બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો હતો. ખાસ કરીને વૃધ્ધ અને અશક્ત મતદારોને પોલીસકર્મીઓએ સહારો આપી મતદાન મથક સુધી પહોંચાડ્યા હતા.


Shree Amreli Jilla Vidhyasabha
Kamani Science & Prataprai Arts College (Self Finance Division), Amreli
Affiliated to Saurashtra University, GTU, INC, GNC & AICTE

| Principal | Vice Principal | Professor | Associate Professor | Assistant Professor | Tutor | Lab. Asst. | Computer Prog. | Librarian | PTI |
|---|---|---|---|---|---|---|---|---|---|
| **B.C.A Department** | | | | | | | | | |
| - | - | - | - | 24 | - | - | 4 | - | - |
| **M.C.A Department (Proposed)** | | | | | | | | | |
| - | - | - | - | 4 | - | - | 2 | - | - |
| **B.SC (Microbiology/Biotechnology) Department** | | | | | | | | | |
| - | - | - | - | 4 | - | 2 | - | - | - |
| **M.SC (Chemistry/Physics) Department** | | | | | | | | | |
| - | - | - | - | 3 Organic-1 Inorganic-1 Physical-1 | - | 2 | - | - | - |
| **B.A (Psychology) Department** | | | | | | | | | |
| - | - | - | - | 1 | - | - | - | - | - |
| **Maniba Gajera Institute of Nursing College** | | | | | | | | | |
| 1 | 1 | 1 | 4 | 3 | 5 | - | - | 1 | 1 |

Qualifications & Salary : As Per UGC/Saurashtra University/Government of Gujarat/GTU/AICTE/INC/GNC norms. Interested Candidates can send their application, resume and necessary documents in hard copy by Registered Post or at College Office within 15 days from the date of advertisement

Mantri Shree, Self-finance Office, Kamani Science College Building
Vidhyasabha Campus, Lathi Road, Amreli-365601 (Gujarat)
Email id: director.sfcvidyasabha@gmail.com, Mo: 87587 39898


સ્પે. વેકેશન બેચ સ્પોકન ઈંગ્લિશ
સમય : સવારે ૮ થી ૧૦, બપોરે ૪ થી ૬
કોર્ષ ફી : Rs. 2500/-
ઓજસ કલાસીસ - અમરેલી
દિપક ભટ્ટ - મો. ૯૮૭૯૭ ૬૯૪૫૧



Visit our shop today to avail Amazing Offer
SHOP NO. 30, NEW S.T. BUS STATION, AMRELI. (M) 74338 05806
■ મનિષ વાકોતર ■ વી.ડી. રાણપરીયા
www.bluebuddha.co.in | નોંધ : અમરેલીમાં અમારી બીજી કોઈ બ્રાંચ નથી.

ડ્રીમ ફેમિલી સ્પાની ધમાકા ઓફર


ભાઈઓ માટે Rs.1399/-માં પ્રિમીયમ મસાજ
એક સાથે એક ફ્રી (એક જમા રહેશે) ૪૫ મિનીટ
બહેનો માટે Rs.699/-માં પ્રિમીયમ મસાજ
કપલ માટે Rs.1399/-માં પ્રિમીયમ મસાજ
Appointment Now Mo.8160832025
ADRESS : સાવર કુંડલા ચોકડી, રીંગ રોડ, RTO office ની બજુમા અમરેલી - 365601


અમારે ત્યાંથી સ્ટાન્ડર્ડ કંપનીના ટાયર-ટ્યુબ - ઓઈલ-ગ્રીસ વ્હીલ - પ્લેટ - ધરા - જેક - પાના-પકડ - વગેરે હોલસેલ - રીટેઈલ મળશે.
ફોરવ્હીલ કાર માટે 3D-એલાઈમેન્ટ - ડીઝીટલ હાઈસ્પીડ બેલેન્સીંગ, ટાયર ફીટીંગ - નાઈટ્રોજન એર - એક જ જગ્યાએ તમામ સર્વીસ ઉપલબ્ધ
સંજય ટાયર્સ
બસ સ્ટેશન રોડ, અજમેરા સ્કૂલ સામે, અમરેલી.
લાઠી બાયપાસ રોડ, સફારી પાર્ક, ટોયોટા શો-રૂમ પાસે, અમરેલી.


## જાહેર નિવિદા

**નિકુંજ એગ્રો સેન્ટર**
**મું.ટીંબી, તા.જાફરાબાદ જી.અમરેલી**

અમારી સંસ્થાનું નામ નિકુંજ એગ્રો સેન્ટર મુ. ટીંબી તાલુકો જાફરાબાદ જીલ્લો અમરેલી ગામ ટીંબી મેઈન બજારમાં રસાયણ ખાતરનું રિટેલિંગ વેચાણ કરવા માંગે છે. જેનું અમે કૃષિ અને ગ્રામ્ય વિકાસ રાજ્ય કો-ઓપરેટિવ સોસાયટી લી. પાસેથી ઓફ ફોર્મ લેવા માંગીએ છીએ તો આ માટે જે વિસ્તારની કોઈ સહકારી સંસ્થા ને વાંધો હોય તો વાંધા અરજી દસ દિવસની અંદર કૃષિ અને ગ્રામીણ વિકાસ રાજ્ય કો ઓપરેટિવ સોસાયટી લિમિટેડ મુ. અમરેલી જેસીંગપરા, શિવાજી ચોક, જિલ્લા ખરીદ વેચાણ સંઘ પેટ્રોલ પંપની બાજુમાં, અમરેલી વાંધા અરજી રજૂ કરવી. જો દિવસ દસની અંદર કોઈપણ પ્રકારની વાંધા અરજી નહી મળે તો કૃષિ અને ગ્રામીણ વિકાસ રાજ્ય કો-ઓપરેટિવ સોસાયટી લિમિટેડ મુ. અમરેલી જેસીંગપરા શિવાજી ચોક, જિલ્લા ખરીદ વેચાણ સંઘ પેટ્રોલ પંપની બાજુમાં, અમરેલી દ્વારા આગળની કાર્યવાહી કરી રીટેલ ખાતરના વેચાણ માટેનું સર્ટીફીકેટ આપવામાં આવશે.

તા. ૨૬/૦૪/૨૦૨૬
અમરેલી.

કૃષિ અને ગ્રામીણ વિકાસ રાજ્ય
કો-ઓપરેટિવ સોસાયટી લિમિટેડ
મુ. અમરેલી. જી. અમરેલી.

## જાહેર નોટીસ

અમો ચંદ્રેશકુમાર ડી. રાઠોડ (એડવોકેટ એન્ડ નોટરી) આથી આ જાહેર નોટીસ આપી જાહેર જનતાને જાણ કરીએ છીએ કે,

| ગામનું નામ | ખાતા નંબર | રેવન્યું સર્વે નંબર | હે.આ. ચો.મી. | આકાર રૂા. | ખાતેદારનું નામ |
|---|---|---|---|---|---|
| મોજે :- બરવાળા બાવીશી તા. વડીયા/કુંકાવાવ જિ. અમરેલી | ૪૧૩ | ૩૨૯ પૈકી ૨ | ૦-૯૫-૧૦ | ૮.૦૬ | વાજસુરભાઈ બચુભાઈ ડેર |

ઉપરોકત કોલમ વાળી ખેતીની જમીન મારા સ્વતંત્ર નામે અને સ્વતંત્ર કબજામાં આવેલ છે આ ખેતીની જમીન તેમની સંપુર્ણ માલીકીની, બિન બોજાની, બીન તકરારી તથા ન દાવા વાળી હોવાનું જણાવી અમારા અસીલશ્રી રૂપાભાઈ ભુરાભાઈ ટોળીયા એ વેચાણરાખવાનું નકકી કરેલ છે.

તો ઉપરોકત જમીન કે તેના કોઈપણ ભાગ, ઉપર કોઈપણ નાણાકીય સંસ્થા બેંક, કંપની પેઢી કે સંસ્થા કે કોઈ પણ શખ્સ નો કોઈપણ પ્રકારનો હકક, હિત હિસ્સો,સબંધ, લાગભાગ,ભાગીદાર, દાવો, બોજો, ગીરો લીયન, ચાર્જ હોય કે અન્ય હકક જે મ કે ઉપજ-નીપજ, / ખેતી / ગણોત, લીઝ લાયસન્સ/ કબજો ભોગવટો / બાનાખત કે રહેણાંકના કે વારસાઈ કે અન્ય કોઈપણ પ્રકારના હકક પોસાતા હોય તો જે તે સબંધકર્તા એ વાંધો - તકરારની જાણ આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન- ૭ (સાત) માં દસ્તાવેજ પુરાવા સહિત લેખિતમાં રજીસ્ટર્ડ પોસ્ટથી નીચેના સરનામે અચુક જાણ કરવી જો તેમ કરવામાં નહી આવે તો સદર જમીન કે તેના કોઈ ભાગ પરત્વે અન્ય કોઈના કોઈ જ હકક, હિત, હિસ્સો, સબંધ, લાગ-ભાગ, ભાગીદારી, દાવો, બોજો, ગીરો લીયન, ચાર્જ નથી તેમ માનવામાં આવશે અને હોય તો તે તમામ રાજીખુશીથી જતો યાને (WAIVE) કરેલ છે તેમ સમજી અને અમારા અસીલ રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ કરાવી લેશે ત્યારબાદ કોઈની કોઈ, પણ પ્રકારની દાદ, ફરીયાદ કે વિવાદ ચાલશે નહી.

તારીખ- ૨૪/૦૪/૨૦૨૬ને શુક્રવાર
સ્થળ- કુંકાવાવ મોટી
અરજદારની

રહે.અમરેલી
"દ્વારકેશ ડોક્યુમેન્ટસ"
અમરેલી કલેકટર કચેરી પાસે, જીલ્લા પંચાયત પાછળ
"ટ્રેડ સેન્ટર" નારાયણભાઈ કાછડીયા, સાંસદ સભ્યશ્રીની ઓફિસ નીચે, અમરેલી.

ચંદ્રેશકુમાર ડી. રાઠોડ
(એડવોકેટ એન્ડ નોટરી)
તે અમારા અસલની સુચનાથી

## તંત્રી લેખ

# સ્કાયરૂટની ઉડાન: ભારતનું અવકાશીય સ્વપ્ન સાકાર

ભારતમાં અવકાશ સંશોધન ક્ષેત્રે ખાનગી કંપનીઓ પણ મહત્વનો ભાગ ભજવી રહી છે અને આ કંપનીઓ ભારતના અવકાશી કાર્યક્રમની અંદર માની ન શકાય તેવો મોટો સિંહ ફાળો આપી રહી છે. હૈદરાબાદથી આવેલા એક મહત્વપૂર્ણ સમાચારોએ સમગ્ર દેશને ગર્વની લાગણીથી ભરપૂર કરી દીધો છે. ખાનગી અંતરિક્ષ ક્ષેત્રમાં ભારતે એક નવી સિદ્ધિ તરફ પગલું ભર્યું છે. 'સ્કાયરૂટ એરોસ્પેસ' નામની હૈદરાબાદ આધારિત કંપનીએ દેશનું પ્રથમ ખાનગી ઓર્બિટલ રોકેટ 'વિક્રમ-૧' તૈયાર કર્યું છે. તેલંગાણાના મુખ્યમંત્રી એ. રેવંત રેડ્ડીએ આ રોકેટને હૈદરાબાદ સ્થિત 'મેક્સ-ક્યુ' કેમ્પસથી શ્રીહરિકોટા ખાતેના લોન્ચિંગ પેડ માટે રવાના કર્યું છે. આગામી જૂન ૨૦૨૬માં આ રોકેટનું લોન્ચિંગ થવાનું છે, જે ભારતના ખાનગી અવકાશીય ક્ષેત્ર માટે ઐતિહાસિક ક્ષણ સાબિત થઈ શકે છે.

સ્કાયરૂટની કામગીરીને સરળ ભાષામાં સમજીએ તો, તે એક પ્રકારની 'સ્પેસ ટેક્સી' છે. જેમ સરકારી વ્યવસ્થા મોટા સ્તરે કામ કરે છે, તેમ ખાનગી કંપનીઓ વધુ લવચીકતા અને ગ્રાહક કેન્દ્રિત સેવાઓ આપી શકે છે. સ્કાયરૂટ ગ્રાહકોને તેમની જરૂરિયાત મુજબ ચોક્કસ કક્ષામાં ઉપગ્રહ મૂકવાની સુવિધા આપે છે. આથી નાના અને મધ્યમ સ્તરના ગ્રાહકો માટે અવકાશીય સેવાઓ વધુ સુલભ બને છે. 'વિક્રમ-૧' રોકેટ ટેક્નોલોજીની દૃષ્ટિએ પણ અદ્ભુત છે. લગભગ ૨૩ મીટર ઊંચું આ રોકેટ ૩૫૦ કિલોગ્રામ વજનના ઉપગ્રહોને લો અર્થ ઓર્બિટમાં પહોંચાડવાની ક્ષમતા ધરાવે છે. તેની સૌથી વિશેષ વાત એ છે કે તે કાર્બન કમ્પોઝિટ મટિરિયલથી બનેલું છે, જે તેને હલકું અને મજબૂત બનાવે છે. વધુમાં, તેના એન્જિન 3D પ્રિન્ટિંગ ટેક્નોલોજીથી બનાવવામાં આવ્યા છે, જેના કારણે ઉત્પાદનનો સમય અને ખર્ચ બંનેમાં નોંધપાત્ર ઘટાડો થયો છે. કંપનીનો લક્ષ્ય છે કે તે માત્ર ૭૨ કલાકમાં રોકેટને લોન્ચ માટે તૈયાર કરી શકે, જે ભવિષ્યમાં અવકાશીય વ્યવસાય માટે ગેમ-ચેન્જર સાબિત થઈ શકે છે.

સ્કાયરૂટની સફળતા પાછળ તેની મજબૂત ભાગીદારી અને વૈશ્વિક જોડાણોનો પણ મોટો ફાળો છે. ઈસરો સાથેનો સહયોગ કંપનીને ટેક્નિકલ માર્ગદર્શન અને લોન્ચિંગ સુવિધાઓ પૂરી પાડે છે. આ સંબંધ માત્ર વ્યવસાયિક નથી, પરંતુ સહયોગી છે, જેમાં બંને સંસ્થાઓ એકબીજાના વિકાસમાં સહાયક બને છે. આંતરરાષ્ટ્રીય સ્તરે, જર્મનીની 'એક્સોલોન્ચ' સાથેની ભાગીદારી સ્કાયરૂટને વૈશ્વિક બજારમાં પ્રવેશ મેળવવામાં મદદ કરે છે. ઉપરાંત, 'એક્સિયોમ સ્પેસ' સાથેની ભાગીદારી ભવિષ્યમાં અવકાશમાં ડેટા સેન્ટર જેવી નવીન સુવિધાઓ ઉભી કરવાની દિશામાં મહત્વપૂર્ણ છે.

આખરે, સ્કાયરૂટ એરોસ્પેસની આ ઉડાન માત્ર એક કંપનીની સફળતા નથી, પરંતુ સમગ્ર દેશ માટે ગૌરવની ક્ષણ છે. જો 'વિક્રમ-૧' મિશન સફળ થાય છે, તો તે ભારતને અવકાશીય ક્ષેત્રમાં એક નવી ઊંચાઈ પર લઈ જશે. આ સિદ્ધિથી પ્રેરણા લઈને અન્ય સ્ટાર્ટઅપ્સ પણ આ ક્ષેત્રમાં આગળ વધશે અને ભારતને વૈશ્વિક અવકાશીય શક્તિ તરીકે સ્થાપિત કરવામાં યોગદાન આપશે. હૈદરાબાદથી શરૂ થયેલી આ ઉડાન હવે સમગ્ર ભારતના સપનાઓને અવકાશ સુધી લઈ જવાની તૈયારીમાં છે.

# ''કોઈ પણ દેશની પહેલી અને સૌથી મોટી જરૂરિયાત તેની સુરક્ષા છે''

પુષ્પ:૨૦



## વિચારપૂંજ

સંકલન - હું એક સામાન્ય સ્વયંસેવક (રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ અમરેલી જિલ્લો)

રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના ચતુર્થ સરસંઘચાલક શ્રી રજજુભૈયાએ રાષ્ટ્રીય સુરક્ષાની ચિંતા, સામાજિક મુદ્દાઓ અને અનામત જેવા મુદ્દાઓ પર સ્પષ્ટ વલણ અપનાવતા ઈ.સ. ૧૯૯૪ ના વિજયાદશમીના ઉત્સવમાં સ્વયંસેવકોને માર્ગદર્શન આપતા કહ્યું હતું કે, 'કોઈ પણ દેશની પહેલી અને સૌથી મોટી જરૂરિયાત તેની સુરક્ષા છે. આજે ભારતના સામાન્ય લોકોની સુરક્ષાની સ્થિતિ શું છે ? હજારો લોકોને સુરક્ષા માટે બદૂકધારીઓ આપવામાં આવ્યા છે. છતાં દેશના નેતાઓ મુખ્યત્વે વિપક્ષી નેતાઓની હત્યાઓ થઈ રહી છે. છેલ્લા બે વર્ષમાં દેશમાં સેંકડો સ્થળોએ બોમ્બવિસ્ફોટ થયા છે. જેમાં ઘણા લોકોએ જીવ ગુમાવ્યા છે. મુંબઈમાં એક જ દિવસે ઘણી જગ્યાએ બોમ્બ વિસ્ફોટ થયા હતા. સેકડો લોકોએ જીવ ગુમાવ્યા હતા અને કરોડોની સંપત્તિનો નાશ થયો હતો. વિસ્ફોટમાં વપરાયેલ આર. ડી.એક્સ. કોઈ સામાન્ય વિસ્ફોટક પદાર્થ નથી, તે ફક્ત સરકારી આધુનિક ફેક્ટરીઓમાં જ બનાવી શકાય છે. આર.ડી એક્સ ની સામગ્રી દુશ્મનો દ્વારા વિદેશી દેશોમાંથી તસ્કરી કરીને લાવવામાં આવી છે. તે આજે સેકડો સ્થળોએ સંગ્રહિત છે. આજે આતંકવાદીઓ જ્યારે ઈચ્છે ત્યારે કાશ્મીર, દિલ્હી, કોલકાતા કે ચેન્નાઈમાં વિસ્ફોટ કરી શકે છે. આ પ્રવૃત્તિઓમાં આઈ. એસ.આઈ. નો હાથ છે એમ કહેવાનું કોઈ ખાસ મહત્વ નથી. દુ:ખની વાત એ છે કે એક વિદેશી ગુપ્તચર એજન્સીના હાથમાં રમનારા દેશમાં સેકડો લોકો હાજર છે. ધરપકડ કરાયેલા લોકોમાં મોટા મોટા મુસ્લિમ તસ્કરો પણ છે, જેમના સત્તાધારી પક્ષના નેતાઓ સાથે ખૂબ જ નજીકના સંબંધો છે. તેમની સામે હજુ કેસ થયા નથી. મોટામાં મોટા વકીલો તેમના માટે વકીલાત કરવામાં વ્યસ્ત છે. જે ટાડા કાયદા હેઠળ તેમની ધરપકડ કરવામાં આવી છે. તેની વિરુધ્ધ આજે આપણા પોતાના નેતાઓ જ અવાજ ઉઠાવી રહ્યા છે. ભારત સરકાર આ દેશદ્રોહીઓ સામે કડક કાર્યવાહી કરવામાં અચકાઈ રહી છે. આપણા જ દેશના કાશ્મીર ખીણના ત્રણ લાખ હિન્દુ ભાઈઓ પોતાના જીવ અને સન્માન બચાવવા માટે પોતાના ઘર અને મિલકત છોડીને શરણાર્થીઓનું જીવન જીવી રહ્યા છે. કાશ્મીરમાં મુસ્લિમ આતંકવાદીઓની હિંમત એટલી વધી ગઈ છે કે તેમણે અમરનાથ યાત્રા નહીં થવા દેવાની ધમકી આપી છે. આજે ન તો કોઈ વ્યક્તિનું જીવન સુરક્ષિત છે કે ન તો કોઈ પણ ક્ષેત્રમાં સમાજ. પૂર્વાંચલમાં દિવસ રાત થઈ રહેલી હત્યાઓ અને બિહારમાં થઈ રહેલી હજારો હત્યાઓ ભવિષ્યમાં ઊભી થનારી સમસ્યાઓનું ચિત્ર રજૂ કરી રહી છે. અયોધ્યામાં વિવાદિત ઢાંચો થોડી પાડવામાં આવ્યા બાદ સરકારની ટૂંકી દૃષ્ટિને કારણે દેશભરમાં સેકડો મંદિરો તોડી પાડવામાં આવ્યા. ઠેર ઠેર રમખાણો થયા. આના પરથી રાષ્ટ્ર વિરોધી શક્તિઓની તાકાત અને વિસ્તરણની કલ્પના કરી શકાય છે. એક પ્રખ્યાત કહેવત છે- સતત સતર્કતા એ સ્વતંત્રતાનું મૂલ્ય છે.'' દેશભક્ત નાગરિકો તરીકે આપણું કર્તવ્ય છે કે આપણે તે બધા વિક્ષેપકારક અને હિંસક તત્વોથી સતર્ક રહીએ અને તેમની પ્રવૃત્તિઓને શક્ય તેટલી બધી રીતે નિષ્ફળ બનાવવાનો પ્રયાસ કરીએ.

દેશની સ્થિતિ વિશે સાચું જ્ઞાન તેની સામાજિક સ્થિતિ પરથી મેળવી શકાય છે. કોઈ પણ પ્રગતિશીલ દેશનો ઉદ્દેશ્ય મહેનતુ, ઉત્સાહી અને સૌહાર્દપૂર્ણ સામાજિક જીવનનો હોય છે. આજે આપણા દેશમાં રાષ્ટ્રની કરોડરજ્જુ સમાન ૮૫ ટકા હિન્દુ સમાજ આ બધા ગુણોથી દૂર, એકબીજા સાથે લડતો જોવા મળે છે. બંધારણ લખતી વખતે દેશના મહાન નેતાઓએ સમાજના અત્યંત પછાત અને સામાજિક રીતે દબાયેલા વર્ગો અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિ માટે વિચાર પૂર્વક ૨૨ % આરક્ષણ રાખ્યું હતું. એવું લાગતું હતું કે તેમનો શૈક્ષણિક અને આર્થિક વિકાસ થશે. સાથે જ જેમ જેમ જ્ઞાન અને નિયમોના આધારે સામાજિક સમરસતા વધશે, તેમ તેમ આ ટકાવારી ધીમે ધીમે ઘટશે. જેમને આનો લાભ એક વાર મળી ગયો છે અથવા જેઓ શૈક્ષણિક કે આર્થિક રીતે અન્ય લોકોની સમકક્ષ બન્યા છે તેમને આ અનામત શ્રેણીમાંથી દૂર કરવામાં આવશે. જેથી આ જાતિના બાકીના લોકો પણ આ સુવિધાનો વધુ માત્રામાં લાભ લઈ શકે. તેમની ટકાવારી ઘટી નહીં પરંતુ શૈક્ષણિક અને આર્થિક પછાતપણાના નામે અનામતમાં વધુ ૨૭ % વધારો કરવામાં આવશે. જે લોકોને કોઈ સામાજિક ભેદભાવનો સામનો કરવો પડતો નથી, તેમાંથી કેટલાક લોકો ફક્ત આર્થિક અને પરિણામે શૈક્ષણિક પછાતપણાથી પીડાય છે. આમાં કહેવાતા ઉચ્ચ જાતિના લોકોનો પણ સમાવેશ થાય છે. તેમની આર્થિક પછાતતાને સૌથી મોટી પછાતતા ગણવી યોગ્ય છે. શિક્ષણ માટે ખાસ વ્યવસ્થા દ્વારા પરિણામી શૈક્ષણિક પછાતપણું દૂર કરવાની જરૂર છે. જો સમાજના કેટલાક વર્ગોને નોકરીઓમાં અનામત આપવાની જરૂર હોય તો તેના માટે સમાજનું જ્ઞાન જરૂરી છે. જેથી સમાજમાં કડવાશ ન વધે. જો પોતાનાપણું અને પરિવારની ભાવના વિકસિત થાય તો વિકસિત લોકો પોતાના બંધુઓ માટે કેટલીક સુવિધાઓનો ત્યાગ કરવા તૈયાર થશે. પરંતુ આજે સુરસાના મુખની જેમ અનામત સુપ્રીમ કોર્ટ દ્વારા નિર્ધારિત ૫૦ % ની મર્યાદાને વટાવી ગઈ છે અને કેટલીક જગ્યાએ ૬૭.% ટકા અને કેટલીક જગ્યાએ ૮૦ % સુધી પહોંચી રહી છે. સમાજમાં ઘણી જગ્યાએ હિંસક અશાંતિ થઈ રહી છે. સમાજમાં સુમેળ લાવ્યા વિના ઉશ્કેરણીજનક રીતે અનામત વધારવાથી સમગ્ર હિન્દુ સમાજને પરસ્પર સંઘર્ષની આગમાં ધકેલી દેવામાં આવશે. સ્વાર્થી રાજકીય નેતાઓ દ્વારા યુવા પેઢીને ખલેલ પહોંચાડતા કઠોર નિવેદનો આગમાં ઘી ઉમેરવાનું કામ કરી રહ્યા છે. આજે આપણે સામાજિક નેતાઓ અને રાજકીય નેતાઓ દ્વારા ઉશ્કેરવામાં આવેલા આ સ્વાર્થને દૂર કરવો જોઈએ અને પરસ્પર પ્રેમ અને સમરસતાના આધારે આપણા વંચિત ભાઈઓ માટે વ્યવસ્થા કરવી જોઈએ. આની ખૂબ જ જરૂર છે. આર્થિક રીતે સંપન્ન લોકોને આ સુવિધા ન મળવી જોઈએ. કારણ કે તેમની પાસે શિક્ષણ અને પ્રગતિના સાધનો છે. આજે સમાજના બાકીના લોકોએ આ વંચિત વર્ગને શિક્ષણ, આરોગ્ય, રોજગાર અને આત્મનિર્ભરતા પ્રદાન કરવા માટે આગળ આવવું પડશે અને આપણે વિવિધ સેવાકીય પ્રવૃત્તિઓ દ્વારા સમરસતા વધારીને તેમની સેવામાં જોડાવું પડશે. આનાથી પોતાનાપણું વધશે અને સેવાને કારણે તમામ પ્રકારની પ્રગતિ થશે. રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ તેના સ્વયંસેવકો અને સમર્થકો દ્વારા આ સેવા વસાહતોમાં હજારો સેવા કાર્યો ચલાવી રહ્યું છે. તેમની સંખ્યા વધારીને હજારો કરવાની જરૂર છે. અમે દેશભરમાં અમારી શાબાઓને સેવા કાર્ય સાથે જોડવા માંગીએ છીએ. જેના કારણે સમાજ પણ પ્રગતિ કરશે અને સમાજના સક્ષમ ભાઈઓમાં સેવાની ભાવના પણ વધશે. આ પ્રેમાળ વાતાવરણ દ્વારા જ આજે ફેલાઈ રહેલા સામાજિક દુષ્ટતાના ઝેરને ઓછું કરી શકાય છે. જ્યાં સુધી સમગ્ર સમાજ સમરસતાથી ભરેલો નહીં હોય ત્યાં સુધી સામાજિક ન્યાય અધૂરો અને અપંગ રહેશે.''

## લોકશાહીના પર્વનો આત્માં એટલે ચૂંટણી સ્ટાફ

# જવાબદારીનું જશ્ન એટલે ચૂંટણી



મનન ચિંતન

ભરત બાવીશી

ગઈ કાલે સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓ પૂર્ણ થઈ,ઉમેદવારોનું ભાવિ ઈ.વી.એમ માં સીલ થયું અને આજે મીડિયામાં ક્યાં કેટલું જંગી મતદાન થયું ,ક્યાં માથાકૂટ થઈ,ક્યાં કોઈ દુર્ઘટના બની એના ફ્લાયર બનશે.અને આવતીકાલે મતગણતરી યોજાવાની છે,એટલેકે ઉમેદવારોનું પરિણામ જાહેર થશે.કોઈ જીતશે તો કોઈ હારશે! આ સમગ્ર પ્રક્રિયા એટલે લોકશાહીનું સૌથી પવિત્ર અને પ્રભાવશાળી પર્વ જે ચૂંટણી તરીખે ઓળખાય છે. આ પર્વમાં દેશનો દરેક મતદાર પોતાના હકનો ઉપયોગ કરીને શાસન રચનામાં ભાગ ભજવે છે. પરંતુ આ સમગ્ર પ્રક્રિયાને સુવ્યવસ્થિત, પારદર્શક અને શાંતિપૂર્ણ રીતે પૂર્ણ કરાવનાર એક અદૃશ્ય શક્તિ છે, જે ચૂંટણી સ્ટાફ તરીકે ઓળખાય છે. ખરેખર જોવામાં આવે તો ચૂંટણી એ જવાબદારીનું જશ્ન છે અને આ જશ્નના સાચા યજમાન ચૂંટણી સ્ટાફ છે.

ચૂંટણી સ્ટાફનો વ્યાપ બહુ વિશાળ છે. તેમાં શિક્ષકો,વિવિધ કચેરીના કર્મચારી, કલાર્ક, અધિકારીઓ, પોલીસ દળ, હોમગાર્ડ, ડ્રાઈવર, ટેકનિકલ સ્ટાફ,મેડિકલ સ્ટાફ,સેવક ભાઈઓ સહિત સમાજના વિવિધ ક્ષેત્રોના કર્મચારીઓનો સમાવેશ થાય છે. તેઓ પોતાની નિયમિત ફરજ સાથે આ વિશેષ જવાબદારી પણ નિભાવતા હોય છે. ચૂંટણીની જાહેરાત થતા જ તેમની કામગીરી શરૂ થઈ જાય છે.ટ્રેનિંગ, માર્ગદર્શન, કાયદાકીય સમજણ, ઈવીએમ મશીનો ઉપયોગ માટે તૈયાર કરવા,

મતદાન મથકની તૈયારીઓ વગેરે.

ટ્રેનિંગ દરમિયાન તેમને દરેક નાની-મોટી બાબતો સમજાવવામાં આવે છે. કારણ કે ચૂંટણીમાં એક નાની ભૂલ પણ મોટા વિવાદનું કારણ બની શકે છે. મતદાર યાદીનું સંચાલન, મતદારોની ઓળખ, ખાસ જરૂરિયાત ધરાવતા મતદારોને સહાય, અને નિયમોનું કડક પાલન આ બધું ખૂબ જ સાવચેતી અને સંવેદનશીલતા સાથે કરવાનું હોય છે.

ચૂંટણીના દિવસે તો સ્ટાફ માટે એક પ્રકારની અગ્નિપરીક્ષા જ હોય છે. આગલા દિવસે બપોરના ધોમધખતા તાપમાં **dispeching** સેન્ટર પર પહોંચીને ફાળવેલ બુથના હુકમ સાથે ઈ.વી.એમ મશીનો અને વિવિધ પ્રકારનું સાહિત્ય લઈને બસ રૂટમાં રવાના થઈને બુથ પર પહોચવાનું હોય છે.ત્યાં આગળના દિવસની પૂર્વ તૈયારી રૂપે બુથની ગોઠવણ કરવાની હોય છે.વિવિધ પ્રકારના ફોર્મ ભરીને તેના કવર તૈયાર કરીને ત્યાં બુથ ઉપર જ રાતવાસો કરવાનો હોય છે.પછી વહેલી સવારે ૬ કલાકથી મોકપોલ શરૂ કરવાનું અને ત્યાર બાદ સિલિંગ કરીને એકજેટ સાત કલાકે મતદાન શરૂ કરી દેવાનું હોય છે. અને પછી સતત ૧૧ કલાક સુધી મતદારોને સેવા આપવી. ગરમી હોય કે ઠંડી હોય કે અન્ય કોઈ પડકાર હોય તેઓ પોતાની ફરજથી પાછા પડતા નથી.અને આ બે દિવસ તો જમવાનું ગૌણ બની જાય છે,માત્ર ફરજ પર જ લક્ષ્ય હોય છે.ઘણી વખત સ્ટાફને અંતરિયાળ ગામોમાં અથવા જંગલ વિસ્તારોમાં ફરજ સોંપવામાં આવે છે જ્યાં ઘણી અગવડતાઓ વચ્ચે કામ કરવાનું હોય છે .આ બધું માત્ર એટલા માટે કે દેશનો દરેક નાગરિક પોતાના મતાધિકારનો ઉપયોગ કરી શકે. આ દૃશ્યો આપણને તેમની પ્રતિબધ્ધતા અને દેશપ્રેમની ઊંચાઈ દર્શાવે છે.

ચૂંટણી સ્ટાફની સૌથી મોટી વિશેષતા તેમની નિષ્પક્ષતા અને ઈમાનદારી છે.તેઓ કોઈપણ રાજકીય દબાણ કે પ્રભાવથી દૂર રહીને માત્ર નિયમો અનુસાર કામ કરે છે. દરેક મતને સમાન મહત્વ આપવું અને કોઈપણ ગેરરીતિ ન થાય તેની ખાતરી કરવી એ તેમની પ્રથમ ફરજ છે. આ કારણે જ લોકોનો વિશ્વાસ ચૂંટણી પ્રક્રિયા પર અડગ રહે છે.

ચૂંટણી પૂર્ણ થયા પછી પણ તેમની ફરજ પૂરી થતી નથી. મતદાન મશીનોને સુરક્ષિત રીતે જમા કરાવવા, રિપોર્ટિંગ કરવુ, અને ક્યારેક મતગણતરીમાં પણ સહભાગી બનવું,આ બધું તેઓ સંપૂર્ણ જવાબદારી સાથે કરે છે. આવી ચોકસાઈ સાથેની જવાબદારીવાળી ફરજ નિભાવનાર તમામ સ્ટાફને વંદન સાથે અભિનંદન.

આ સમગ્ર પ્રક્રિયા દરમિયાન તેઓ પોતાના પરિવારથી દૂર રહે છે, પોતાની સુખસગવડતાનો ત્યાગ કરે છે અને માત્ર

દેશસેવાનું ધ્યેય રાખે છે. આ રીતે જોવામાં આવે તો ચૂંટણી સ્ટાફ ખરેખર લોકશાહીનો મજબૂત પાયો છે.

> "જ્યાં ફરજને પૂજા માનવામાં આવે, ત્યાં કાર્ય માત્ર કામ નથી રહેતું, એ જશ્ન બની જાય છે."

> "તાપમાં તપે ને ઠંડીમાં અડગ ઊભા રહે, જવાબદારીના યોધ્ધા બની ફરજને મહિમા આપે; ચૂંટણીના આ જશ્નમાં નિ:શબ્દ રહી કામ કરે, એવા કર્મયોગીઓથી જ લોકશાહી દેદીપ્યમાન રહે."

# પ્રાકૃતિક ખેતીથી આત્મનિર્ભરતા તરફ: ખેડૂતની પ્રેરણાદાયક સફર







ઝાકળનું એક બિંદુ

હિરેન હિરપરા

છોટાઉદેપુર જિલ્લાના પાવીજેતપુર તાલુકાના અણિયાદ્રી ગામના ખેડૂત રાઠવા અશ્વિનભાઈ ચંદુભાઈ આજે પ્રાકૃતિક ખેતીના ક્ષેત્રમાં એક પ્રેરણાસ્ત્રોત તરીકે ઉભરી આવ્યા છે. માત્ર ૫૦ વર્ષની ઉંમરે તેઓ ખેતીમાં નવી દિશા અને વિચાર સાથે આગળ વધી રહ્યા છે. તેમના પરિવાર પાસે કુલ ૬ એકર જમીન છે, જેમાંથી ૩ એકરમાં તેઓ ૨૦૧૭થી પ્રાકૃતિક ખેતી કરી રહ્યા છે.

આજના સમયમાં રસાયણિક ખેતીના કારણે જમીનની ઊપજક્ષમતા ઘટી રહી છે અને ખેતી ખર્ચ વધતો જાય છે. આવા સમયે અશ્વિનભાઈએ પ્રાકૃતિક ખેતી અપનાવીને એક સચોટ અને ટકાઉ વિકલ્પ રજૂ કર્યો છે. પ્રાકૃતિક ખેતીમાં તેઓ કોઈ પણ પ્રકારના કેમિકલ ખાતર કે ઝેરી દવાઓનો ઉપયોગ કરતા નથી. ગાય આધારિત જીવામૃત, ઘનજીવામૃત, બીજામૃત જેવા પરંપરાગત અને સ્વદેશી ઉપાયો અપનાવીને તેઓ પાક ઉગાડે છે.

અશ્વિનભાઈનો મુખ્ય ફોકસ ચોખાની ખેતી પર છે. તેઓ પ્રાકૃતિક રીતે ઉગાડેલા ચોખાનો ઉત્પાદન કરે છે, જે સ્વાસ્થ્ય માટે વધુ ગુણકારી અને પોષકતત્વોથી ભરપૂર હોય છે. ખાસ વાત એ છે કે તેઓ માત્ર ઉત્પાદન સુધી જ સીમિત નથી રહ્યા, પરંતુ વેલ્યુ એડિશન પર પણ ભાર મૂક્યો છે. તેઓ પોતે જ પ્રાકૃતિક ચોખાનું પ્રોસેસિંગ કરીને માર્કેટમાં વેચાણ કરે છે. આથી તેમને બજારમાં વધુ કિંમત મળે છે અને સીધો ગ્રાહકો સાથે સંપર્ક સ્થાપિત થાય છે.

પ્રાકૃતિક ચોખાની માંગ દિવસેને દિવસે વધી રહી છે, કારણ કે લોકો હવે સ્વાસ્થ્ય પ્રત્યે વધુ જાગૃત બન્યા છે. અશ્વિનભાઈ આ માંગને સમજતા થઈને ગુણવત્તા પર ખાસ ધ્યાન આપે છે. તેઓ પેકેજિંગ અને બ્રાન્ડિંગ પર પણ ધ્યાન કેન્દ્રિત કરી રહ્યા છે, જેથી તેમના ઉત્પાદનોને ઓળખ મળે અને મોટા બજારમાં પ્રવેશ મેળવી શકે.

અશ્વિનભાઈ કહે છે કે શરૂઆતમાં ઘણી મુશ્કેલીઓ આવી, ખાસ કરીને ઉત્પાદન ઘટવાનું અને માર્કેટ મળવાનું પ્રશ્ન હતો. પરંતુ ધીરજ, સતત પ્રયત્ન અને યોગ્ય માર્ગદર્શનથી આજે તેઓ સફળતા તરફ આગળ વધી રહ્યા છે. તેઓ અન્ય ખેડૂતોને પણ પ્રાકૃતિક ખેતી તરફ પ્રેરિત કરી રહ્યા છે અને પોતાના અનુભવ શેર કરે છે.

આ યુવા ખેડૂતની સફર એ સાબિત કરે છે કે જો ખેડૂત નવી ટેક્નિક અને વિચારધારા અપનાવે, તો ખેતીમાં પણ ઉત્તમ આવક અને સન્માન મેળવી શકાય છે. પ્રાકૃતિક ખેતી માત્ર પર્યાવરણને બચાવે છે એ જ નહીં, પરંતુ ખેડૂતને આત્મનિર્ભર બનાવવામાં પણ મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. રાઠવા અશ્વિનભાઈ જેવા યુવાનોના પ્રયાસોથી ગ્રામ વિકાસ અને સ્વસ્થ સમાજ તરફ એક મજબૂત પગલું ભરાઈ રહ્યું છે. તેમની કહાની દરેક યુવા ખેડૂત માટે પ્રેરણા છે કે ખેતીમાં નવી દિશા અપનાવીને સફળતા મેળવી શકાય છે. રાઠવા અશ્વિનભાઈનો સંપર્ક નંબર ૯૭૧૪૦૧૩૨૦૫ છે.

## :: તિખારો ::

જિંદગીની કિતાબના પાના તો ઘણા પલટ્યા છે. અમુક પાત્રો અધૂરા રહી અને સાથ છોડશે.તો અમુક દગો આપીને ભુસાય જશે. પણ જે વ્યક્તિ છેલ્લા શ્વાસ સુધી તમારો સાથ ના છોડે એજ સંબંધમાં ઇશ્વરનું સાચુ સ્વરૂપ છે.

Printed and Published by Vasantbhai Bavabhai Movliya on behalf of Director Sanjog India News Private Limited. Printed at Sanjog Press, Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi, near bypaas Amreli -365601 and published at Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi near bypass amreli. Editor Vasantbhai Bavabhai Movliya
Resident Editor : N. B. Desai (Responsible for the selection of News Under PRB Act (c). phone : 02792-225225, RNI.No.:GUJ GUJ/2017/75270, Title code : GUJ GUJ 16801

# અઠવાડીક ખેતી કાર્યો





પિંજરપાક તેમજ આંતરપાકના ફાયદાઃ

મુખ્ય પાકની સાથે પિંજરપાકની વાવણી કરવાથી મુખ્ય પાકમાં આવતી જીવાતનો ઉપદ્રવ ઘટાડી શકાય છે. દા.ત.

● કપાસના ૧૦ ચાસ પછી ૧ ચાસ ગલગોટાઓ વાવવાથી લીલી ઈયળનો ઉપદ્રવ કપાસમાં ઘટે છે.

● કપાસની ફરતે ભીંડાની એક હાર વાવવામાં આવે તો કપાસમાં ટપકાવાળી ઈયળ તથા લીલા તડતડીયાનો ઉપદ્રવ ઘટે છે.

● કપાસની ફરતે શણની એક હાર વાવવાથી કાતરાના નુકશાનને અટકાવી શકાય છે.

● તમાકુની નર્સરી ફરતે દિવેલાની એક હાર વાવવાથી પ્રોડેનીયાનો ઉપદ્રવ તમાકુમાંથી નિવારી શકાય છે.

● લીબુંના બગીચામાં ટામેટી વાવવાથી ફળમાંથી રસ ચુસનાર ફુદાનું નુકશાન લીબુંમાં ઓછુ થાય છે.

● આંબાના બગીચા ફરતે શેઢે કાળા તુલસી વાવવાથી ફળમાખીનો ઉપદ્રવ ઘટે છે.

● કોબીજની ૧૦ થી ૧૨ હાર પછી રાયડાનો એક છોડ વાવવામાં આવે તો હીરાફુદાનો ઉપદ્રવ ઘટે છે.

● મગફળીમાં મકાઈની છાંટ નાખવાથી મોલો ઉપદ્રવ મગફળીમાં ઘટે છે.

● ટામેટાની દર આઠ હરોળ પછી એક હરોળ ગલગોટા ઉછેરવાથી લીલી ઈયળનો ઉપદ્રવ ઘટે છે.

● કપાસની સાથે દિવેલા, ચોળી, મકાઈ અને જુવાર જેવા આંતર પાકોનું વાવેતર કરવાથી જીંડવાની ઈયળોનો ઉપદ્રવ ઘટે છે તથા કુદરતી પરભક્ષી કે પરોપજીવી કીટકોની સંખ્યા વધે જેથી પાકનું સંરક્ષણ થતુ હોય છે.

**બાજરીઃ**

● હાલ ઘણા વિસ્તારમાં બાજરીનું વાવેતર થયેલ છે તેમાં અત્યારે ડુંડામાં લીલી ઈયળનો ઉપદ્રવ વધ્યો છે તેના નિયંત્રણ માટે પ્રોફેનો સાયપરનું મિક્ષ પમ્પમાં ૨૦ એમએલ. દવા વાપરવાથી નિયંત્રણમાં આવશે.

● થુલી અવસ્થાએ પાણી આપીને વાતાવરણ ભેજયુકત અને ઠંડુ રાખવું જેથી દાણાનો ભરાવો સારો થાય.

કપાસઃ

● કપાસનું આગોતરું વાવેતર ન કરવું.

● બિયારણ સસ્તું અને લેભાગુ પાસેથી લેવું નહિ. વિશ્વાસપાત્ર વેપારી પાસેથી બિયારણ લેવું.

● તમારા વિસ્તારમાં જે જાત સારું ઉત્પાદન આપતી હોય તે જાતનું બિયારણ ચોમાસા પહેલા મેળવી લેવી.

● કપાસનો પાક પૂરો થયા બાદ શેઢા-પાળા ઉપર રહેલ નિંદામણો તેમજ અન્ય બિનજરૂરી છોડનો નાશ કરવો. તેમજ પેરાથીયોન ભૂકી શેઢા-પાળા તેમજ જ્યાં ઢાંલીયા કીટક બેસે છે ત્યાં છંટકાવ કરવો.

મગફળીઃ

● ચોમાસાનો વાવણી લાયક વરસાદ થાય તે પહેલા જમીનમાં પિયત આપી ઓરવાણ કરી વરાપ થયે વાવેતર કરવામાં આવે છે તેને આગોતરૂ વાવેતર કહેવામાં આવે છે. સંશોધનના પરિણામો ઉપરથી ભલામણ કરવામાં આવેલ છે કે મે મહિનાનાં છેલ્લા અઠવાડિયામાં અથવા તો જૂન મહિનાનાં પ્રથમ અઠવાડિયામાં વાવેતર થઈ જાય તે



ડો.જી.આર. ગોહિલ, જૂનાગઢ

કૃષિ યુનિવર્સિટી, જૂનાગઢ.

ફોન : ૯૨૭૫૭૦૮૩૪૨

રીતે ઓરવણું કરી વાવેતર કરવાથી વધારે ઉત્પાદન તથા આથિક ફાયદો થાય છે.

● મગફળી ઉપાડ્યા પછી તેજ બીજનું તુરત વાવેતર કરવું નહિ તેમનો ડોર્મસી પીરીયડ પૂરો થયા પછી જ વાવેતર કરવું.

જમીનમાં ભેજનું પ્રમાણ અને શીદ્રતા જાળવી રાખવી. તે માટે આગલા પાકનાં ઝાડીયા-મુળિયા, કાંકરા વીણી જમીનને ચોખ્ખી કરો.

● વધારે વહેલું વાવેતર કરવાથી સપ્ટેબર માસમાં જો વધુ વરસાદ થાય તો મગફળી તુટી જવાથી આર્થિક રીતે નુકશાની થાય છે.

● SsuS -૩૨ નું વાવેતર શક્ય બને તો ૧૫ મેં સુધીમાં ઓરવણું કરી વાવેતર કરવાથી ઉત્પાદન વધુ મળે છે.

**તલઃ**

● હવામાનની પરિસ્થિતિને ધ્યાને રાખીને આગળની કાર્યવાહી કરાવવી.

● તલમાં કાપણી એ ખુબ જ અગત્યની કામગીરી છે કારણ કે સમય કરતા વહેલા તલ વાઢી લેવામાં આવે તો ઉત્પાદન પર માઠી અસર થાય છે અને જો વાઢવામાં મોડુ થાય તો તલ ખરી પડવાથી ઉત્પાદનમાં નુકશાન જાય છે. તલનો પાક આશરે ૯૦ દિવસમાં તૈયાર થઈ જાય છે. છોડના પાન પીળા પડી ખરી પડવા માંડે અને બૈઢા પીળા પડી જાય ત્યારે તલને વાઢી પુળા વાળી તેના ઉભડા કરવા. ઉભડા કરવાની જગ્યાએ જમીન ઉપર મીથાઈલ પેરાથીઓન ૨% ભુકી છાંટીને ઉભડા કરવા તથા ઉભડાની ફરતે પણ આ દવાની ભૂકી છાંટવી. આમ કરવાથી તલના દાણામાંથી તેલ ચુસનારા કાળા ભૂરા ચુસિયા નામની જીવાંતથી થતુ નુકશાન અટકાવી શકાય. આ દવાનો તલના ઉભડા ઉપર સીધો છંટકાવ કરવો નહી કારણ કે આમ કરવાથી આ દવાના અવશેષ દાણામાં આવશે જે સ્વાસ્થય માટે હાનિકારક છે. ઉભડા બરાબર સુકાય જાય ત્યારે તેમાંથી તલ થોડા થોડા સમયના અંતરે બે થી ત્રણ વખત ખંખેરી લેવા. તલને સાફ કરી, ગ્રેડીંગ કરી વ્યવસ્થિત રીતે સુકવી ઉંદર કે જીવાતથી નુકશાન ન થાય તેવી જગ્યાએ સંગ્રહ કરવો.

**શાકભાજીઃ**

● રીંગણના પાકમાં ગંઠવા કૃમિનું અસરકારક નિયંત્રણ માટે પેસીલોમાયસીસ લીલાસીનસ હેકટર દીઠ ૨૫ કિલો સ્પોરડસ્ટ (૧૦૯ કનીડીયા/ગ્રામ) કેરીયર સાથે ફેરરોપણી સમયે + મરઘાનું ખાતર ૧૦ ટન હેકટર ફેર રોપણીનાં એક અઠવાડિયા પહેલાં અથવા રાઈનો ખોળ હેકટર દીઠ ૨ ટન પ્રમાણે ફેર રોપણીના એક અઠવાડિયા પહેલાં અથવા પેસીલોમાયસીસ લીલાસીનસ હેકટર દીઠ ૨૫ કિલો ફેર રોપણી સમયે + લીમડાનો ખોળ હેકટર દીઠ ૨ ટન પ્રમાણે ફેરરોપણીના એક અઠવાડિયા પહેલાં આપવાની ભલામણ છે.

● શાકભાજી પાકો માટે ધરૂવાડિયાની તેમજ વાવણીની તૈયારી કરવી. શાકભાજીના પાકમાં બિયારણને થાયરમ અથવા કાર્બેન્ડાઝીમનો પટ અવશ્ય આપવો. રીંગણના પાકમાં ફળ અને ડુંખ કોરી ખાનાર ઈયળ તથા અન્ય જીવાતો માટે સંકલિત નિયંત્રણ અપનાવવું.

● ગ્રીન હાઉસમાં ઓફ સીજનમાં ફાયદો મળી રહે તેવા પાકો જેવાકે જર્બેરા, કાર્નેશન, ગુલાબ, ગ્લેડીયોલસ, જેવા ફૂલ પાકો તેમજ ધાણાભાજી, મેથી, મરચા(કેપ્સીકમ), ટામેટા, કાકડી જેવા શાકભાજી પાકો લઈ શકાય.

બાગાયતઃ

● જામફળમાં મૃગબહાર લેવામાં આવે તો તેના ફળો શિયાળા દરમ્યાન મળે છે. જેની ગુણવતા ખુબજ સારી હોય છે, ફળમાખીનો ઉપદ્રવ ઓછો હોય છે. તેમજ વીટામીન - સીનું પ્રમાણ ઘણું હોય છે. આના માટે ફાલ ઉતાર્યા બાદ ઉનાળાની ઋતુમાં ફેબ્રુઆરી - મે માસ સુધી પાણી બંધ કરી આપવામાં આવે છે. ત્યારબાદ ખેડ કરી ગોડ કરવો અને ખાતર પાણી આપવું તેમજ રોગ - જીવાતવાળી સુકી ડાળીઓ કાપી નાખવી.

● બોરમાં છટણી સામાન્ય રીતે એપ્રિલના બીજા પખવાડીયાથી મે ના પ્રથમ પખવાડિયા સુધીમાં કરી શકાય છે. સીતાફળમાં ખાસ પ્રકારની છટણીની જરૂર રહેતી નથી પરંતુ થડની આજુબાજુ ફુટતી ડાળીઓ કાઢતા રહેવું.

● લીંબુના પાકમા જીવાત અને રોગના નિયંત્રણ અગેં યુનિ.ની ભલામણ પ્રમાણે પાન કોરીયાના નિયંત્રણ માટે ફેન્થીઓન, ડાયમથીએટ અથવા કવીનાલફોસ નો છંટકાવ કરવો. તેમજ ગુંદરીયા રોગના નિયંત્રણ માટે રોગ લાગેલ ભાગ ચપ્પુથી છોલી બોર્ડો પેસ્ટ અથવા ઓરીયોફંગીન દવા (૧૦ લીટર પાણીમાં ૧ ગ્રામ પ્રમાણે) ચોપડવાથી ફાયદો થાય છે.

● દાડમ, ફૂલછોડ, ઔષધિય પાકો અને રક્ષિત ખેતી પાકોમાં થ્રીપ્સનાં નિયંત્રણ માટે લીમડાની લીંબોળીની મીંજનો ભૂકો ૫૦૦ ગ્રામ (૫ % અર્ક) અથવા લીંબોળીનું તેલ ૩૦ મિ.લી. અથવા લીમડા આધારિત તૈયાર કીટનાશક ૨૦ મિ.લી. (૧ ઈસી) થી ૪૦ મિ.લી. (૦.૧૫ ઈસી) ૧૦ લીટર પાણીમાં ભેળવી છંટકાવ કરવો.

● સીતાફળનાં વાવેતર માટે જી.જી.સી.એ.-૧ જાતનું વાવેતર કરવું

● લીબુમાં થડેથી નીકળતા પીલા દૂર કરવા તથા ભલામણ મુજબના ખાતરો આપી દેવા.

પ્લગ નર્સરી : અદ્યતન રીતે ધરૂ ઉત્પાદન પધ્ધતિમાં ''પ્લગ નર્સરી'' નો સમાવેશ થાય છે, સારૂં ગુણવત્તાયુકત બિયારણ, કે જેને ધરૂ ઉછેરવા માટે ઉપયોગમાં આવતી પ્લાસ્ટિક ટ્રેમાં વાવી વાતાનૂકુલિત નર્સરીમાં ઉછેરી ગુણવત્તાયુકત અને તંદુરસ્ત ધરૂનું મોટાપાયા પર ઉત્પાદન કરવામાં આવે છે જે ને પ્લગ નર્સરી કહેવામાં આવે છે. આ પધ્ધતિમાં શાકભાજી, ફૂલ છોડ કે પપૈયા જેવા ફળ પાકોના ધરૂ પોલી/ઈન્સેકટનેટ હાઉસમાં જમીનની જગ્યાએ પ્લાસ્ટીકની કે થમીકોલની ડીશમાં ગ્રોઈંગ મીડીયા તથા યોગ્ય ખાતર અને પિયત વ્યવસ્થા સાથે તૈયાર કરવામાં આવે છે.

પ્લગીંગ પધ્ધતિના ફાયદાઓ :-

૧) છોડ/ધરૂ મુળનો વિકાસ સારો થાય છે અને રોગ-જીવાત રહિતના છોડ/ધરૂ મેળવી શકાય છે.

૨) ટ્રે ને હેરફેર કરી શકાતી હોવાથી શિયાળુ, ઉનાળુ કે ચોમાસાની ઋતુમાં પસંદગી મુજબ વાતાવરણ આપી શકાય છે જેથી રોપ બગડવાની શકયતાઓ નહિવત થઈ જાય છે.

૩) પીયત આપવામાં આસાની રહે છે. અને રોપ ઉછેર માટે મજુરી ખર્ચમાં ઘટાડો થાય છે.

૪) મશીનરી ઉપર પણ મીડીયા મિશ્રણ કરીને સ્વયં સંચાલિત રીતે ટ્રે ભરીને ઓટોમેટીક બીજનું રોપાણ થઈ શકે છે. જેથી મજુરી ખર્ચમાં સારો એવો બચાવ થાય છે.

૫) બિયારણનો સુરક્ષા દર ૯૫ ટકા કરતા વધુ મેળવી શકાય છે તેમજ ધરૂને પ્રવાહી ખોરાક સહેલાઈથી અને સપ્રમાણમાં આપી શકાય છે.

૬) ફકત એક મજુરથી એક દિવસમાં ૨૦,૦૦૦ થી વધુ ટ્રે ભરીને બીજ રોપી શકાય છે.

૭) ખૂબજ ઓછા સમયગાળામાં ધરૂને ટ્રેમાંથી બહાર કાઢી ખેતરમાં લઈ જઈ શકાય.

પ્લગીંગ પધ્ધતિમાં વપરાતા સાધનો :-

૧) પ્લગીંગ પધ્ધતિથી ધરૂ ઉછેર માટે વપરાતી પોર ટ્રે.

૨) ટ્રેમાં વપરાશમાં લેવાતા મટીરીયલને એક સરખું મિશ્રણ કરતુ રોટરી મશીન.

૩) મીડીયાને સ્ટરીલાઈઝેશન કરવા વપરાતુ મશીન.

૪) બીજ રોપવા માટે વપરાતુ ઓટોમેટીક મશીન .

૫) બીજ રોપાણ બાદ ટ્રેને ટ્રાન્સપોર્ટ કરવા માટે વપરાતી ટ્રોલી.

૬) ધરૂ છોડને ટ્રે માંથી બહાર કાઢવા માટે વપરાતું પ્લગ પુશર.

કઠોળવર્ગના બીજને રાઈઝોબિયમ, ધાન્યવર્ગના બીજને એઝેટોબેકટર કે એઝોસ્પાયરીલમ તેમજ વિવિધ પાકોમાં અલભ્ય તત્વને લભ્ય બનાવતા સુક્ષ્મ જીવાણુઓનાં કલ્ચરની બીજ માવજત આપી વાવણી કરવાથી પાક ઉત્પાદન વધુ મેળવી શકાય છે. આ પ્રકારની બીજ માવજતથી સુક્ષ્મ જીવાણુઓની ખાસીયત મુજબ પાકને નાઈટ્રોજન કે અન્ય પોષક તત્વો પુરા પાડે છે.

પાણીમાં ઓગળી શકે તેવા કીટનાશકોઃ આ પ્રકારના કીટનાશકોના સુક્ષ્મ રજકણો પાણીમાં ઓગળી જાય છે અને દ્રાવણ બનાવે છે. તેથી તે 'સોલ્યુબલ પાઉડર' (એસપી) તરીકે ઓળખાય છે. સામાન્ય રીતે આવા કીટનાશકોમાં સક્રિય તત્વનું પ્રમાણ ૨૦ થી માંડી ૭૫% સુધી હોય છે. દા.ત. એસીટામીપ્રીડ ૨૦%, એસીફેટ ૭૫% વેટેબલ પાઉડરની જેમ આ પ્રકારના કીટનાશકોના છંટકાવ વખતે સ્પ્રેયરમાં એજીટેટરની જરૂર પડતી નથી.

# ડિજિટલ કૃષિમાં કૃત્રિમ બુદ્ધિમત્તાની ઉપયોગીતા

નમસ્કાર ખેડૂત મિત્રો,આજના સમયમાં એક ખૂબ જ મહત્વનો અને ચર્ચાનો વિષય છે—કૃત્રિમ બુધ્ધિમત્તા(આર્ટી ફીસીયલ ઈન્ટેલીજન્સ).કૃત્રિમ બુધ્ધિમત્તાનો વ્યાપ ધીમેધીમે દરેક ક્ષેત્રમાં વધી રહ્યો છે, જે આપણે સહેલાઈથી જોઈ શકીએ છીએ. આજે એવું માનવામાં આવે છે કે ભવિષ્યમાં કોઈપણ દેશની શક્તિ અને વિકાસમાં AIનો મોટો ફાળો રહેશે. વૈશ્વિક સ્તરે પણ કૃત્રિમ બુધ્ધિમત્તાનો ઉપયોગ આરોગ્ય, ઉદ્યોગ અને માહિતી ટેકનોલોજી જેવા ક્ષેત્રોમાં વધી રહ્યો છે. આ પરિસ્થિતિમાં એક મહત્વનો પ્રશ્ન ઊભો થાય છે કે - શું કૃત્રિમ બુધ્ધિમત્તા કૃષિક્ષેત્રમાં ઉપયોગી બની શકે?

કૃત્રિમ બુધ્ધિમત્તા(એઆઈ) શું છે ?

કૃત્રિમ બુધ્ધિમત્તા એટલે કૃત્રિમ બુધ્ધિમત્તા.'કૃત્રિમ' એટલે માણસ દ્વારા બનાવવામાં આવેલી અને 'બુધ્ધિમત્તા' એટલે વિચારવાની, શીખવાની અને નિર્ણય લેવાની ક્ષમતા. સરળ શબ્દોમાં કહીએ તો છેં એવી ટેકનોલોજી છે જેમાં કમ્પ્યુટર અથવા મશીનોને માનવ જેવી વિચારવાની અને શીખવાની ક્ષમતા આપવામાં આવે છે.

કૃષિક્ષેત્રમાં હાલની સમસ્યાઓ આજની ખેતી ઘણી પડકારજનક બની ગઈ છે. જમીનની ઉપજ ક્ષમતા ઘટતી જાય છે, રાસાયણિક ખાતર અને જંતુનાશકોના અતિરેક ઉપયોગથી જમીન અને પાક બંને પર નકારાત્મક અસર થાય છે. આરોગ્ય પર પણ તેની અસર જોવા મળે છે. બજારમાં ભાવોની અનિશ્ચિતતા, હવામાનમાં ફેરફાર, ક્યારેક અણધાર્યો વરસાદ, તેમજ રોગ અને જીવાતોનો વધતો ઉપદ્રવ આ બધાં મુદ્દાઓ ખેડૂત માટે ચિંતાજનક છે.

કૃત્રિમ બુધ્ધિમત્તા કૃષિમાં કેવી રીતે મદદરૂપ બની શકે ?

● કૃત્રિમ બુધ્ધિમત્તા દ્વારા હવામાનના જૂના ડેટાનો વિશ્લેષણ કરીને વરસાદ, તાપમાન અને અન્ય પરિસ્થિતિઓની આગાહી વધુ ચોક્કસ રીતે કરી શકાય છે.

●ખેડૂતને યોગ્ય સમયે વાવણી, ખાતર આપવું, સિંચાઈ અને દવાઓનો છંટકાવ કરવો જેવી બાબતોમાં માર્ગદર્શન મળી શકે છે.

●ખાતર, જંતુનાશક અને પાણીનો યોગ્ય પ્રમાણમાં ઉપયોગ થવાથી ખર્ચમાં ઘટાડો અને ઉત્પાદન ક્ષમતા વધે છે.

●પાકમાં રોગ અને જીવાતોની શરૂઆતમાં જ ઓળખ કરી શકાય છે, જેના કારણે સમયસર નિયંત્રણ શક્ય બને છે.

● કૃત્રિમ બુધ્ધિમત્તા અને રિમોટ સેન્સિંગના આધારે ડ્રોન, ઓટોમેટિક હાર્વેસ્ટર અને પાક નિરીક્ષણ સિસ્ટમ જેવી આધુનિક યાંત્રિકતાઓ વિકસિત થઈ રહી છે, જે ખેતીને વધુ સરળ અને અસરકારક બનાવે છે.

● કૃત્રિમ બુધ્ધિમત્તા ખેડૂતો, વૈજ્ઞાનિકો અને સરકાર વચ્ચે એક સેતુ તરીકે કામ કરી શકે છે, જેથી વૈજ્ઞાનિક ખેતીને વધુ પ્રોત્સાહ ન મળે.

કૃત્રિમ બુધ્ધિમત્તા થકી ભારતમાં ચાલી રહેલી મહત્વપૂર્ણ પહેલો

હાલમાં કૃષિક્ષેત્રમાં કૃત્રિમ બુધ્ધિમત્તા આધારિત અનેક

ડો. આર. કે. કલારિયા

અસ્પી શકીલમ બાયોટેક્નોલોજી ઇન્સ્ટિટ્યૂટ,નવસારી કૃષિ યુનિવેર્સિટી, સુરત-૩૯૫ ૦૦૭

પહેલો ચાલી રહી છે, જેમાં ખેતી ખેડૂતોને કૃત્રિમ બુધ્ધિમત્તાથી સજ્જ બનાવવા માટે સરકારે એક મોટું પગલુંભર્યું છે. હાલમાં 'ભારતવિસ્તાર' નામનું એ આઈ -સંચાલિત પ્લેટફોર્મ શરૂ કરવાની જાહેરાત કરી હતી. 'ભારતવિસ્તાર'નો લોન્ચ ભારતીય ડિજિટલ કૃષિ માટે એક મહત્વપૂર્ણ પગલું છે. તેનો ઉદ્દેશ્ય વિવિધ કૃષિ ડેટા અને સેવાઓને એક એ આઈ પ્લેટફોર્મમાં જોડવાનો છે. આ પ્લેટફોર્મ ખેડૂતોને હવામાનની આગાહી, બજાર ભાવ, સરકારી યોજનાઓ અને નિષ્ણાંતોની સલાહ જેવી માહિતી મેળવવાની રીત બદલી શકે છે 'ભારતવિસ્તાર'નો ધ્યેય લાખો ખેડૂતો માટે એ આઈ ઈન સાઈટ્સ સુલભ બનાવવાનો છે. આ પ્લેટફોર્મ **AgriStack** (જે ખેડૂત આઈ ડી અને ડેટા રજિસ્ટ્રી પ્રદાન કરે છે) અને **Krishi-DSS** (એક મેપિંગ પ્લેટફોર્મ) જેવા હાલના ડિજિટલ સાધનોનો ઉપયોગ કરે છે. આનો ઉદ્દેશ્ય વધુ સારા નિર્ણય લેવા અને ખેતીના જોખમો ઘટાડવા માટે વ્યક્તિગત સલાહ આપવાનો છે.

થોડા વધારાના મહત્વના પાસાઓ

● કૃત્રિમ બુધ્ધિમત્તા આધારિત મોબાઈલ એપ્લિકેશન્સ દ્વારા ખેડૂતને તેમના મોબાઈલમાં જ તરત સલાહ મળી શકે છે.

●બજાર ભાવની આગાહી દ્વારા ખેડૂત યોગ્ય સમયે વેચાણનો નિર્ણય લઈ શકે છે.

કૃત્રિમ બુધ્ધિમત્તા કૃષિક્ષેત્ર માટે ભવિષ્યમાં ક્રાંતિ લાવી શકે છે. પ્રિસિઝન ફાર્મિંગમાં એ આઈનો ઉપયોગ કરે છે, ત્યારે ભારતના નાના ખેતરો અને વિભાજિત જમીન ધારણાઓ અન્યત્ર મોટા ખેતરોની તુલનામાં અનન્ય પડકારો રજૂ કરે છે. તે ખેતીને વધુ વૈજ્ઞાનિક, ખર્ચ-અસરકારક અને પર્યાવરણને અનુકૂળ બનાવવામાં મદદરૂપ સાબિત થશે. યોગ્ય ઉપયોગ થકી છેં ખેડૂતની આવક વધારવામાં મહત્વની ભૂમિકા ભજવી શકે છે.

# અનોખું અને રેર ફળ "ગુંદા" અને તેની બનાવટો

ગુંદા. જેને ઈંડિયન ચેરી અને ગ્લૂબેરી પણ કહેવાય છે. આ એક જંગલી ફળ છે. જે ભારતમાં ઊંચા પહાડી વિસ્તારને છોડીને અન્ય જગ્યાએ મળી શકે છે. ગુંદા ફક્ત મે થી જુલાઈની વચ્ચે જોવા મળે છે. ગુંદા ફળ સ્વાદમાં મીઠું હોય છે. તે પોષક તત્વોથી ભરપૂર હોય છે અને તેમાં ઔષધીય ગુણો પણ હોય છે. ગુંદા ફ્રુટમાં કાર્બોહાઈડ્રેટ, પ્રોટીન, વસા અને ફાઈબર સૌથી વધારે જોવા મળે છે. તેમાં કેલ્શિયમ, ફોસ્ફરસ, ઝિંક, આયરન, અને પેક્ટિન પણ પ્રચૂર માત્રામાં હોય છે. આ ફળ ફેનોલિક યૌગિકનો પણ સારો એવો સ્ત્રોત છે. આ ફળ જ્યારે કાચુ હોય છે, ત્યારે તેની શાકભાજી બનાવીને ખાઈ જાય છે. તેનું અથાણું પણ બનાવવામાં આવે છે. તેના પત્તા અને લાકડા પણ કેટલીય બીમારીઓમાં ઉપયોગમાં લેવામાં આવે છે. તેના પત્તાનો ઉપયોગ ઔષધીય તરીકે અને પશુઓના ચારા તરીકે થાય છે. ગુંદાના લાકડાનો ઉપયોગ ખેતીના સાધનો વગેરેમાં કરી શકાય છે.

ગુંદા ખાવાના ફાયદા

ગુંદામાં એન્ટી ડાયબિટિક ગુણ હોય છે, તેના સેવનથી ડાયાબિટીઝનો ખતરો ઓછો થાય છે. સાથે જ બ્લડ શુગર પણ કંટ્રોલ થઈ જાય છે.

આ ફળ ધાધર, ખંજવાળ જેવી સ્કિન સમસ્યાઓ માટે ખૂબ જ રાહત આપે છે.ગુંદાના પાનને પીસીને તે ઘા પર લગાવવાથી ઘા જલ્દી ઠીક થવા લાગે છે.

ગુંદા ઈમ્યુનિટી બૂસ્ટર તરીકે કામ કરે છે, જે ઉનાળામાં થતી શરદી, ઉધરસ અને ગળાની તકલીફોમાં રાહત આપે છે.

આ અનોખા ફળને ખાવાથી બ્લડ પ્રેશર કંટ્રોલ કરી શકાય છે. તેમાં એન્ટી કેન્સર અને એન્ટી એલર્જિક પ્રોપર્ટી પણ જોવા મળે છે.

ઉનાળામાં મળતું ઔષધીય ફળ જે પાચન સુધારવા, સાંધાના દુખાવામાં રાહત, કબજિયાત દૂર કરવા ફાયદાકારક છે. તેમાં રહેલા ચીકણા ગુણો આંતરડાની શુષ્કતા

શ્રીમતી હિનાબેન એમ. પટેલ,

વિષય નિષ્ણાત- હોમ સાયન્સ,

કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, જી. પાટણ

ઘટાડે છે તે અલ્સર માટે ખૂબ જ લાભકારી માનવામાં આવે છે.ગુંદા નું અથાણું:-૫૦૦ ગ્રામ ગુંદા,૨૫૦ ગ્રામ રાજાપુરી કેરી,૨૫૦ ગ્રામ અથાણાંનો મસાલો,૨૫૦ ગ્રામ સીંગતેલ,મીઠું સ્વાદ મુજબ

પધ્ધતિ :-સૌથી પહેલાં ગુંદા ને ધોઈ કપડાંથી કોરા કરી લો,હવે ગુંદાને ફોળી તેમાં મીઠું અને છરીથી તેના બી કાઢી લો.હવે એક વાસણમાં મસાલો અને કેરીનો છીણ મિક્સ કરી બધા ગુંદા ભરી લો.હવે તેલને ગરમ કરી એકદમ ઠંડુ થાય એટલે તેમાં ઉપરથી ઉમેરો.હવે ૨/૩ દિવસ હલાવતા રહેવું અને કાચની બોટલ માં ભરી ૧ વર્ષ સુધી ખાઈ શકાય છે.

ભરેલા ગુંદાનું શાક સામગ્રી:- ૫૦૦ ગ્રામ ગુંદા,૧ નાની વાટકી કાચી કેરી,૨ વાટકી ચણાનો લોટ,૧ ટી.સ્પૂન જીરું,મીઠું સ્વાદ અનુસાર,૧ ટી.સ્પૂન કાશ્મીરી લાલ મરચું પાઉડર,૧ ટી.સ્પૂન હળદર,૧ ટી.સ્પૂન રાઈ,૧/૨ ટી.સ્પૂન ગરમ મસાલો,૧ ટી.સ્પૂન લીંબુનો રસ,૧ ટી.સ્પૂન ખાંડ,૨ ટી.સ્પૂન તેલ,

પધ્ધતિ :-સૌથી પહેલાં ગુંદાને ધોઈ કપડાંથી કોરા કરી લો,હવે ગુંદાને ફોળી તેમાં મીઠું અને છરી થી તેના બી કાઢી લો.ગુંદા ભરવાનો મસાલો બનાવવા માટે ચણાનાં લોટમાં મીઠું, હળદર, લાલ મરચું, ગરમ મસાલો લીંબુ, ખાંડ ઉમેરી બરાબર મિક્સ કરી લો.ત્યાર બાદ તૈયાર કરેલ મસાલો ગુંદામાં ભરી દો.હવે ગુંદા ને ઢોકડીયા માં ૧૫ મિનિટ માટે બાફવા મૂકી દો. વઘાર માટે એક કડાઈમાં તેલ લઈ ગરમ થાય એટલે રાઈ, જીરું ઉમેરી તેમાં કાચી કેરી ઉમેરો અને પછી તેમાં ગુંદા ઉમેરી બરાબર મિક્સ કરી લો અને ગેસ બંધ કરી દો.તો તૈયાર છે ભરેલા ગુંદા નું શાક.

પાકાં ગુંદાનું શાક સામગ્રી:- ૨૫૦ ગ્રામ - કાચાં ગુંદા,૧ ચમચી – મીઠું,1\2 ચમચી – ધાણાજીરુ,1\2 ચમચી - કાશ્મીરી લાલ મરચું,1\4 ચમચી – રાઈ,1\4 ચમચી – હળદર,ચપટી – હીંગ,૨ ચમચી – તેલ,1\2 ચમચી - આમચૂર પાવડર


પધ્ધતિ :-સૌથી પહેલાં ગુંદાને ધોઈ કપડાંથી કોરા કરી લો, હવે ગુંદાને ફોળી તેમાં મીઠું અને છરી થી તેના બી કાઢી લો, હવે પેનમાં તેલ ગરમ કરી તેમાં રાઈ ઉમેરી તતડે એટલે હીંગ ,હળદર અને ગુંદા ઉમેરી ૨ મિનિટ હલાવો, પછી ઢાંકણ ઢાંકી ૨ મિનિટ માટે રાખી લો, વચ્ચે વચ્ચે હલાવતાં રહો એકાદ મિનિટ માટે.પછી તેમાં સ્વાદ મુજબ મીઠું, લાલ મરચું અને ધાણાજીરુ ઉમેરી સરસ ભેળવી લો, 1\2 મનિટ પછી તેમાં આમચૂર પાવડર ઉમેરી સરસ હલાવી લો. ગેસ બંધ કરી બાઉલમાં કાઢી લો , રોટલી સાથે પીરસો.

ગુંદાની મોગર નું શાક. (ગુંદા નો મોર)

બનાવવાની રીત :-જીરું તથા કાંદા , આદુ લસણ મરચાની ચટણીનો વઘાર કરી,ગુંદાનો મોર તેમજ ગરમ મસાલો, તજ લવિંગ સૂકા મરચા, લાલ મરચું, ધાણાજીરું,સહેજ હળદળ, મીઠું સ્વાદ અનુસાર ઉમેરી શાકને ચડવા દો, અડધું ચઢ્યા બાદ થોડું મોળું દહીં ઉમેરી ફરીથી ખુલ્લું ચઢાવો, ચડી ગયા બાદ નીચે ઉતારી કોથમીર નાખી, ડુંગરી, કેરીનું અથાણું અને ચોખા ના રોટલા કે નાગલી(રાગી) ના રોટલા સાથે ગરમ ગરમ ખાસો તો ખુબજ મજા આવશે.

# લંડનમાં જાહેરમાં પાન થૂંકવું મોંઘું પડ્યું: ભારતીય મૂળના બે લોકોને ભારે દંડ

લંડન, તા.૨૬



બ્રિટિશ રાજધાની લંડનમાં જાહેર સ્થળે પાન થૂંકવાના મામલે બે ભારતીય મૂળના પુરુષોને ભારે દંડ ફટકારવામાં આવ્યો છે. બ્રેન્ટ કાઉન્સિલે સફાઈ અભિયાન હેઠળ આ કાર્યવાહી હાથ ધરી છે. આરોપીઓમાં એજવેરના ૩૧ વર્ષીય અક્ષતકુમાર ભદ્રે પટેલ અને રુઈસલિપના ૩૨ વર્ષીય હિતેશ પટેલનો સમાવેશ થાય છે. બંનેને નોર્થ વેસ્ટ લંડન મેજિસ્ટ્રેટ કોર્ટ દ્વારા પ્રત્યેકને ૧,૩૯૧ પાઉન્ડ (લગભગ ૧,૭૨,૦૦૦ રૂપિયા)નો દંડ ફટકારાયો છે. માહિતી મુજબ, અક્ષતકુમારે ૧૧ જૂન, ૨૦૨૫ના રોજ કિંગ્સબરી વિસ્તારમાં રસ્તા પર પાન થૂંક્યું હતું, જ્યારે હિતેશે ૧૨ જૂનના રોજ વેમ્બલી હિલ ખાતે આવી જ હરકત કરી હતી. પ્રારંભિક દંડ ૧૦૦ પાઉન્ડ હતો, પરંતુ સમયસર ચૂકવણી ન કરતાં કેસ કોર્ટમાં ગયો અને દંડમાં મોટો વધારો થયો. બંને આરોપીઓ સુનાવણી દરમિયાન હાજર રહ્યા ન હોવાથી તેમની ગેરહાજરીમાં જ દોષ સાબિત થયો. બ્રેન્ટ કાઉન્સિલે જણાવ્યું છે કે જાહેર સ્વચ્છતા જાળવવા માટે પાન કે ગુટખા થૂંકવા સામે કડક કાર્યવાહી ચાલુ રહેશે. નિયમોનું ઉલ્લંઘન કરનાર સામે કાનૂની પગલાં લેવામાં આવશે.

# કલ્પક્કમ રિએક્ટર દેશની પરમાણુ યાત્રાનું સીમાચિહ્ન: વડાપ્રધાન મોદી

નવી દિલ્હી, તા.૨૬




મન કી બાતના ૧૩૩મા એપિસોડમાં વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ દેશની વૈજ્ઞાનિક સિદ્ધિઓ, પરંપરા અને જનભાગીદારી પર ભાર મૂક્યો. તેમણે જણાવ્યું કે કલ્પક્કમ રિએક્ટર ભારતની પરમાણુ ઊર્જા યાત્રામાં એક મહત્વપૂર્ણ સીમાચિહ્ન છે અને વૈજ્ઞાનિકોની મહેનતથી દેશનો અવકાશ તથા ટેકનોલોજી ક્ષેત્ર સતત પ્રગતિ કરી રહ્યો છે. પીએમ મોદીએ શાળાની રજાઓને ધ્યાનમાં રાખીને બાળકોને આ સમયનો સદુપયોગ કરવાની અપીલ કરી. તેમણે કહ્યું કે રજાઓ માત્ર મજા માટે નહીં, પરંતુ નવી વસ્તુઓ શીખવા માટેનો ઉત્તમ સમય છે. સાથે જ તેમણે ભારતના ડેરી ક્ષેત્ર અને પરંપરાગત ખાદ્ય સંસ્કૃતિનો ઉલ્લેખ કર્યો. બ્રાઝિલમાં યોજાયેલી આંતરરાષ્ટ્રીય ચીઝ સ્પર્ધામાં ભારતીય બ્રાન્ડ્સે મેળવેલી સફળતા દેશ માટે ગર્વની બાબત હોવાનું તેમણે જણાવ્યું. વસ્તી ગણતરી અભિયાન અંગે વાત કરતા તેમણે કહ્યું કે આ વિશ્વની સૌથી મોટી ગણતરી પ્રક્રિયા છે અને તેમાં દરેક નાગરિકની ભાગીદારી જરૂરી છે. માહિતીની સુરક્ષા માટે મજબૂત ડિજિટલ વ્યવસ્થા કરવામાં આવી છે. સાથે જ, નાગરિકો હવે ઓનલાઈન માહિતી દાખલ કરી શકશે, જે પ્રક્રિયાને વધુ સરળ અને ઝડપી બનાવશે.

# મરાઠી મુદ્દે બળજબરી સહન નહીં કરાય, ફડણવીસનો સ્પષ્ટ સંદેશ

મુંબઈ, તા.૨૬

મહારાષ્ટ્રના મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસે ઓટો-ટેક્સી ડ્રાઈવરો માટે મરાઠી ભાષા ફરજિયાત બનાવવાના મુદ્દે સ્પષ્ટતા કરી છે. તેમણે કહ્યું કે મરાઠી આવડવી જરૂરી છે, પરંતુ ભાષા માટે કોઈપણ પ્રકારની બળજબરી સહન કરવામાં આવશે નહીં. બિન-મરાઠી ડ્રાઈવરોને ભાષા શીખવવાની વ્યવસ્થા કરવામાં આવશે. પરિવહન મંત્રી પ્રતાપ સરનાઈકે ૧ મેથી પરીક્ષા લેવાની અને નિષ્ફળ રહેતા ડ્રાઈવરોના લાઈસન્સ રદ કરવાની વાત કરતા વિવાદ ઉભો થયો છે. આ મુદ્દે રાજકીય ક્ષેત્રમાં મતભેદ જોવા મળી રહ્યા છે. સંજય નિરુપમે પોતાના જ સરકાર સામે વાંધો ઉઠાવ્યો છે, જ્યારે મહારાષ્ટ્ર નવનિર્માણ સેનાએ વિરોધ નોંધાવ્યો છે. ફડણવીસે શિવાજી મહારાજ સંબંધિત પુસ્તક વિવાદ પર પણ કહ્યું કે અપમાનજનક ભાષા અસ્વીકાર્ય છે અને જૂના પુસ્તક પર વિવાદ ઉભો કરવો યોગ્ય નથી.

# યુપીમાં માફિયા શાસનનો અંત થતા રમખાણો ભુતકાળ બન્યા : યોગી

લખનૌ, તા.૨૬



ઉત્તર પ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે રાજ્યમાં કાયદો અને વ્યવસ્થામાં મોટા સુધારા થયા હોવાનું જણાવતાં કહ્યું કે હવે માફિયા શાસનનો અંત આવી ગયો છે અને રાજ્યમાં રમખાણોની ઘટનાઓ નથી. તેઓ ૨૦૨૫ બેચના ૬૦,૨૪૪ પોલીસ કોન્સ્ટેબલની પાસિંગ આઉટ પરેડને સંબોધિત કરી રહ્યા હતા. મુખ્યમંત્રીએ તાલીમાર્થીઓની શિસ્ત, સમર્પણ અને ટીમવર્કની પ્રશંસા કરી અને કહ્યું કે તાલીમ દરમિયાન મેળવેલા કૌશલ્યનો ઉપયોગ નાગરિકોની સુરક્ષા માટે કરવો જોઈએ. તેમણે ઉમેર્યું કે ૨૦૧૭ પહેલા યુપી પોલીસ અનેક પડકારોનો સામનો કરી રહી હતી, પરંતુ છેલ્લા વર્ષોમાં મોટા પાયે ભરતી અને આધુનિક સુવિધાઓથી સ્થિતિમાં સુધારો થયો છે.યોગીએ જણાવ્યું કે રાજ્યમાં હવે ગુનેગારોમાં ભય છે અને પોલીસનું મનોબળ ઊંચું છે. મહિલાઓનો પોલીસ દળમાં વધારો પણ નોંધપાત્ર છે. તેમણે દાવો કર્યો કે સ્પષ્ટ નીતિઓ અને મજબૂત ઈરાદાઓના કારણે યુપી હવે કાયદો અને વ્યવસ્થામાં દેશ માટે મોડેલ બની રહ્યું છે.

# હરભજન સિંહની ઝેડ પ્લસ સુરક્ષા પાછી ખેંચાઈ

જલંધર, તા.૨૬

પંજાબ સરકારે ભૂતપૂર્વ ક્રિકેટર અને રાજ્યસભા સાંસદ હરભજન સિંહની ઝેડ+ સુરક્ષા પાછી ખેંચી લીધી છે. તેમના પીએ મનદીપ સિંહે આ બાબતની પુષ્ટિ કરતા જણાવ્યું કે જલંધરમાં આવેલા તેમના નિવાસસ્થાન પરથી સુરક્ષા કર્મચારીઓને હટાવી દેવામાં આવ્યા છે. હરભજન સિંહ આમ આદમી પાર્ટી દ્વારા રાજ્યસભામાં પહોંચ્યા હતા, પરંતુ તાજેતરમાં રાઘવ ચઢ્ઢા સહિત કેટલાક સાંસદો પક્ષ છોડવાના દાવાઓથી રાજકીય હલચલ મચી છે. આ પરિસ્થિતિ વચ્ચે સુરક્ષા પાછી ખેંચવાનો નિર્ણય ચર્ચામાં આવ્યો છે. આમ આદમી પાર્ટીના કાર્યકરોએ હરભજન સિંહના નિવાસસ્થાન બહાર વિરોધ નોંધાવ્યો અને દિવાલો પર અપમાનજનક લખાણ પણ કર્યું. હરભજન સિંહે આ સમગ્ર મામલે હજુ સુધી કોઈ પ્રતિક્રિયા આપી નથી.

# અમદાવાદમાં ગૃહમંત્રી અમિત શાહે પરિવાર સાથે મતદાન કર્યું

અમદાવાદ, તા.૨૬



દેશના ગૃહમંત્રી અમિત શાહે લોકશાહીના પર્વ નિમિત્તે અમદાવાદમાં પોતાના મતાધિકારનો ઉપયોગ કર્યો. નારણપુરા વિસ્તારમાં આવેલી સબ ઝોનલ ઓફિસ ખાતે તેઓ સહપરિવાર મતદાન કરવા પહોંચ્યા હતા. મતદાન પ્રક્રિયા શાંતિપૂર્ણ રીતે પૂર્ણ કર્યા બાદ તેમણે ભગવાન મહાદેવના શરણમાં માથું નમાવી આશીર્વાદ લીધા. ત્યારબાદ તેઓ કમલેશ્વર મહાદેવ મંદિર ખાતે ગયા, જ્યાં પૂજા-અર્ચના કરીને દેશના સુખ-સમૃદ્ધિ માટે પ્રાર્થના કરી. ત્યારપછી તેઓ ભાજપના પાયાના કાર્યકર્તા પરેશ પટેલના નિવાસસ્થાને પહોંચ્યા હતા. અહીં તેમણે પરિવાર સાથે આત્મીય મુલાકાત કરી અને સ્થાનિકોનું અભિવાદન સ્વીકાર્યું. આ મુલાકાત દરમિયાન તેઓ હળવા મૂડમાં જોવા મળ્યા હતા.પત્રકારો સાથેની વાતચીતમાં અમિત શાહે પશ્ચિમ બંગાળની ચૂંટણી અંગે વિશ્વાસ વ્યક્ત કરતાં જણાવ્યું કે આ વખતે ભાજપનો વિજય નિશ્ચિત છે. અમદાવાદમાં મતદાન પૂર્ણ કર્યા બાદ તેઓ ફરીથી ચૂંટણી પ્રચાર માટે પશ્ચિમ બંગાળ જવા રવાના થયા હતા.

# ટીંબી નિર્દોષાનંદજી હોસ્પિટલને યુરોલોજી વિભાગના વિકાસ માટે ૧.૧૫ કરોડનું દાન

ટીંબી, તા.૨૬



સ્વામી શ્રી નિર્દોષાનંદજી માનવસેવા ટ્રસ્ટ સંચાલિત ટીંબી સ્થિત હોસ્પિટલની નિઃશુલ્ક સેવાઓથી પ્રભાવિત થઈને મધુકાંતા ગુણવંત શેઠ ચેરિટેબલ ટ્રસ્ટ, મુંબઈ દ્વારા એક કરોડ પંદર લાખ રૂપિયા જેવી માતબર રકમનું અનુદાન જાહેર કરવામાં આવ્યું છે. આ ઉમદા કાર્ય માટે ટ્રસ્ટના મુખ્ય ટ્રસ્ટીઓ દીપકભાઈ શેઠ, નિકુંજભાઈ શાહ અને યશભાઈ પારેખે સ્વયં હોસ્પિટલના ટ્રસ્ટી બી.એલ. રાજપરાનો સંપર્ક કરીને આ રકમ ફાળવવાની સહમતી દર્શાવી હતી. જે પૈકી ૪૬ લાખ રૂપિયાની રકમ એડવાન્સ અનુદાન સ્વરૂપે પ્રાપ્ત થઈ ચૂકી છે. આ માતબર રકમનો ઉપયોગ હોસ્પિટલમાં આધુનિક યુરોલોજી વિભાગના ડેવલપમેન્ટ માટે કરવામાં આવશે. તાજેતરમાં જ આ દાતાઓએ હોસ્પિટલની મુલાકાત લીધી હતી, જ્યાં ટ્રસ્ટી ખીમજીભાઈ દેવાણી અને બી.એલ. રાજપરાએ તેમનું ભાવભર્યું સ્વાગત કર્યું હતું. હોસ્પિટલ પરિવારે હૃદયપૂર્વક આભાર માન્યો હતો.

# કોડીનારની પ્રતિષ્ઠિત પાવન વિદ્યાલયમાં પ્રવેશોત્સવ સાથે શૈક્ષણિક સત્રનો પ્રારંભ

કોડીનાર,તા.૨૬



તસવીર : ધર્મેશ પાઠક

કોડીનારની પ્રતિષ્ઠિત પાવન વિદ્યાલયમાં નવા શૈક્ષણિક સત્ર નિમિત્તે ભવ્ય પ્રવેશોત્સવનું સુંદર આયોજન કરવામાં આવ્યું હતું. વહેલી સવારથી જ ગુજરાતી અને અંગ્રેજી માધ્યમના વિદ્યાર્થીઓ તેમજ વાલીઓ મોટી સંખ્યામાં ઉમટી પડ્યા હતા. બાળકોના પ્રિય કાર્ટૂન પાત્રો છોટા ભીમ અને મોટું-પતલુંએ વિશેષ આકર્ષણ જમાવ્યું હતું. રજીસ્ટ્રેશન કરાવનાર તમામ વિદ્યાર્થીઓને ફી માફી અને આકર્ષક ભેટ આપી પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. સંસ્થા દ્વારા પધારેલા તમામ માટે અલ્પાહારની ઉત્તમ વ્યવસ્થા કરવામાં આવી હતી. સંચાલક વિવેકભાઈ મેરના માર્ગદર્શન હેઠળ બાળકોને ભયમુક્ત અને આનંદમય વાતાવરણમાં આવકારવામાં આવ્યા હતા.

# પંજાબ-રાજસ્થાન પાણી વિવાદ ફરીવાર દિલ્હી સુધી પહોંચ્યો

જયપુર, તા.૨૬

ઉત્તર ભારતના પંજાબ અને રાજસ્થાન વચ્ચેનો દાયકાઓ જૂનો પાણી વહેંચણી વિવાદ ફરી તેજ બન્યો છે. પંજાબ સરકારે રાજસ્થાન પાસેથી અંદાજે રૂ.૧.૪૪ લાખ કરોડની પાણી રોયલ્ટીનો દાવો કરતાં મામલો ગંભીર બન્યો છે. આ પગલાં બાદ રાજસ્થાન સરકારે મુદ્દાને કાનૂની સલાહ માટે દિલ્હી મોકલ્યો છે. પંજાબે પોતાના દાવામાં ૧૯૨૦ના ઐતિહાસિક કરારનો ઉલ્લેખ કર્યો છે, જેમાં સતલજ નદીનું પાણી બિકાનેર રાજ્ય તરફ વાળવા બદલ રોયલ્ટી નક્કી કરવામાં આવી હતી. પંજાબનો દાવો છે કે સતલજ, રાવી અને બિયાસ નદીઓ તેના વિસ્તારમાંથી વહેતી હોવાથી તે હજુ પણ રોયલ્ટી મેળવવાનો અધિકાર ધરાવે છે. બીજી તરફ, રાજસ્થાન સરકારે ૧૯૫૫ના પાણી વહેંચણી કરારને આધારે પોતાનો પક્ષ મજબૂત ગણાવ્યો છે.

# ઝાંઝમેરના વરરાજાએ પરિવાર સાથે પંચાયતની ચૂંટણીમાં મતદાન કર્યું

ધોરાજી, તા.૨૬



રાજકોટ જિલ્લાના ધોરાજી તાલુકાના ઝાંઝમેર ગામે લોકશાહીનો એક સુંદર નજારો જોવા મળ્યો હતો. અહીં પંચાયતની ચૂંટણી દરમિયાન રાજેશ સોલંકી નામના વરરાજાએ પોતાના લગ્નની વિધિઓ શરૂ થાય તે પહેલાં જાગૃત નાગરિક તરીકેની ફરજ નિભાવી હતી. તેમણે ઝાંઝમેરની સરકારી શાળામાં જઈને પોતાના પરિવાર સાથે ઉત્સાહભેર મતદાન કર્યું હતું. વરરાજાના પહેરવેશમાં સજ્જ રાજેશભાઈએ મતાધિકારનો ઉપયોગ કરી સૌનું ધ્યાન ખેંચ્યું હતું. મતદાન કર્યા બાદ તેમણે અન્ય નાગરિકોને પણ લોકશાહીના આ મહાપર્વમાં જોડાઈને વધુમાં વધુ મતદાન કરવા માટે નમ્ર અપીલ કરી હતી.

# ખોડલધામના આંગણે ભક્તિનો સંગમ: આનંદીબેન પટેલ દ્વારા ધ્વજારોહણ કરાયું

સુરત,તા.૨૬



ઉત્તરપ્રદેશના રાજ્યપાલ અને ગુજરાતના પૂર્વ મુખ્યમંત્રી આનંદીબેન પટેલે શનિવારના રોજ પરિવાર સાથે કાગવડ સ્થિત પવિત્ર ખોડલધામ મંદિરની મુલાકાત લીધી હતી. આ પાવન અવસરે તેમની સાથે ખોડલધામ સંગઠન અધ્યક્ષ અનારબેન પટેલ અને અન્ય પરિવારજનો પણ ઉપસ્થિત રહ્યા હતા. મંદિરના વિદ્વાન શાસ્ત્રીઓ દ્વારા સંપૂર્ણ શાસ્ત્રોક્ત વિધિ-વિધાન સાથે ધ્વજાજીનું પૂજન કરવામાં આવ્યું હતું. પૂજન બાદ વાજતે ગાજતે સામૈયા કરીને ભક્તિમય વાતાવરણમાં મંદિરના ભવ્ય શિખર પર બાવન ગજની ધ્વજાનું આરોહણ કરવામાં આવ્યું હતું. આ ધાર્મિક પ્રસંગ દરમિયાન ખોડલધામ ટ્રસ્ટ-કાગવડના ટ્રસ્ટીઓ દ્વારા આનંદીબેન પટેલનું ભાવભીનું સ્વાગત કરવામાં આવ્યું હતું અને તેમની ગરિમાને અનુરૂપ વિશેષ સન્માન પણ કરવામાં આવ્યું હતું. આનંદીબેને આ તકે મા ખોડલના દર્શન કરીને રાજ્ય અને દેશની સુખાકારી માટે પ્રાર્થના કરી હતી. સમગ્ર મંદિર પરિસરમાં આ સમયે ઉત્સાહ અને ભક્તિનો માહોલ જોવા મળ્યો હતો અને ટ્રસ્ટીઓ સાથેની મુલાકાતમાં તેમણે સામાજિક સેવાના કાર્યોની પણ પ્રશંસા કરી હતી.

# દિલ્હી એરપોર્ટ પર સ્વિસ ફ્લાઈટમાં આગ, ૬ ઘાયલ

દિલ્હી,તા.૨૬

દિલ્હી એરપોર્ટ પર ટેકઓફ દરમિયાન સ્વિસ એરલાઈન્સની ફ્લાઈટ LX147ના લેન્ડિંગ ગિયરમાં આગ લાગી હતી. ફ્લાઈટ ઝુરિચ જવા નીકળી રહી હતી ત્યારે એન્જિન ફેઈલ થતાં પાયલોટે તરત જ વિમાન રોક્યું. ઈમરજન્સી સ્લાઈડ્સ દ્વારા ૨૩૨ મુસાફરોને સુરક્ષિત બહાર કાઢવામાં આવ્યા. ઘટનામાં ૬ મુસાફરો ઘાયલ થયા હોવાનું જાણવા મળ્યું છે.


## જાહેર નોટીસ

આથી અમો નીચે સહી કરનાર એડવોકેટ દિપક વી. નાગ્રેચા, અમરેલીના આથી આ નોટીસ આપી જણાવીએ છીએ કે,

અમારા અસીલશ્રી જાનાબેન માધાભાઈ હેલૈયાએ અમ પાસે મોજે અમરેલી તાલુકાના અમરેલી શહેરમાં સુધરાઈ હદમાં આવેલ ચિતલરોડ રસ્તે ‘‘સાઈ નગર’’ વિસ્તારમાં આવેલ રે.સ.નં. ૩૭ તથા ૩૭/૨ પૈકીની બીનખેડવાણ જમીન પ્લોટ નં.૫૨ ની ઉતર તરફની જમીનમાં આવેલ રહેણાંક મકાન જેમાં ગ્રાઉન્ડ ફલોર ઉપર ત્રણ રૂમ પુર્વ બારના, રસોડુ, રસોડાની પાછળ ડાઈનીંગ પેસેજ, તથા બાથરૂમ અને રસોડાની સામે ખુલ્લી ફળીસહ તથા ફસ્ટ ફલોર ઉપર એક રૂમ, રસોડુ, હોલ, સંડાસ, બાથરૂમ વાળી આવેલ છે તે મિલ્કતના મિલ્કતના માલીક મીનાક્ષીબેન નાથુભાઈ દવે પાસેથી નોટરાઈઝ બાનાખત સીરીયલ નં.૧૦૦ થી તા.૧૩/૦૪/૨૦૨૬ ના રોજ કરી ખરીદ કરવા માંગે છે તે મિલ્કતના મુળ માલીક ખાતેદાર પ્રવિણકુમાર ગીરધરલાલ વોરાની હતી તેની પાસેથી સયુકતરીતે નં.(૧) નીતાબેન અજીતકુમાર ભીમજીયાણી તથા નં.(૨) મીનાબેન મહેન્દ્રકુમાર ભીમજીયાણીએ તા.૨૩/૦૨/૧૯૮૯ના રોજ વેચાણ રાખેલ તેઓ પાસેથી સયુક્ત રીતે નં.(૧) કપીલ મુકુંદરાય જાની તથા નં.(૨) જોરૂસીહ નનુસીહ ચુડાસમાએ તા.૧૫/૦૪/૧૯૯૭ ના રોજ ર.વે.દ.નં.૧૦૩૧થી વેચાણ રાખેલ ત્યારબાદ તેઓ પાસેથી મીનાક્ષીબેન નાથુભાઈ દવેએ ર.વે.દ.નં.૨૯૧૧ થી તા.૦૨/૧૨/૧૯૯૭ ના રોજ વેચાણ રાખેલ હતી. તેમની મિલ્કતના ટાઈટલ કલીયર માટે માંગણી કરતા હોઈ તે રીતે સદરહુ મિલ્કતના વેચાણ વ્યવહાર પૈકી મુળ માલીક ખાતેદાર પ્રવિણકુમાર ગીરધરલાલ વોરાની હતી તેની પાસેથી સયુકત રીતે નં. (૧) નીતાબેન અજીતકુમાર ભીમજીયાણી તથા નં.(૨) મીનાબેન મહેન્દ્રકુમાર ભીમજીયાણીએ તા.૨૩/૦૨/૧૯૮૯ના રોજ વેચાણ દસ્તાવેજ હાલમાં મળી આવતો નહીં હોઈને તો તે દસ્તાવેજ કોઈ વ્યક્તિને મળી આવેતો અમારા નીચેના સરનામે જાણ કરવા તેમજ ઉપરોકત મિલ્કતમાં અન્ય કોઈ ઈસમ/વ્યકિતનું કે કોઈ નાણાકીય સંસ્થા કે અર્ધ સરકારી સંસ્થાનું હિત સમાયેલ હોય, કે ઉપરોકત મિલ્કત કોઈની પાસે ગીરો થયેલ હોય, કે તેના પર બોજો કરવામાં આવેલ હોય તો, અથવા કોઈ ઈસમ/વ્યકિતનો લાગ ભાગ, હકક-હિસ્સો હોય અથવા આ મિલ્કત અગાઉ કુલમુખત્યારનામું આપનાર દવારા તેને અગાઉ રદ કરવામાં આવેલ હોય તો આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે,

આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિવસ ત્રણમાં સદરહુ મિલ્કત અંગે કોઈને કઈ પણ હરકત, વાંધા તકરાર, હોય તો લેખીતમાં આધાર પુરાવા સાથે અમોના નીચે જણાવેલ સરનામે જણાવવુ, અન્યથા તે અંગે કોઈને હરકત, વાંધા તકરાર, સરખુ નથી અને જો હોય તો તેમણે સ્વેચ્છાએ જતા(વેઈવ) કરેલ છે. તેમ માની અને તેઓને અમારા તરફથી ટાઈટલ કલીયર રીપોર્ટ / એન.ઓ.સી. ઈસ્યુ કરવામાં આવશે ઉપરોકત સમય વિત્યા બાદ તે અંગેની કઈ પણ વાંધા તકરાર ગ્રાહય રાખવામાં આવશે નહી તેની જાહેર જનતા તેમજ લાગતા વળગતા સર્વેએ નોંધ લેવી.

તા.૨૬/૦૪/૨૦૨૬
અમરેલી.
૧૧૭, ફસ્ટ ફલોર, નારણ આર્કેડ,
ભીડ ભંજન મહાદેવ મંદિર સામે,
લીલીયા રોડ, અમરેલી.

સહી
દિપક વી. નાગ્રેચા
એડવોકેટ અમરેલી.

## મહાનગરપાલિકા, નગરપાલિકા, જિલ્લા પંચાયત અને તાલુકા પંચાયતના ઉમેદવારોનું ભાવી મતપેટીમાં સીલ

# રાજ્યમાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં ૯,૨૬૩ બેઠકો માટે મતદાન શાંતિપૂર્ણ રીતે સંપન્ન



અમદાવાદ,તા.૨૬

ગુજરાત રાજ્યમાં આજે સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓ જેવી કે ૧૫ મહાનગરપાલિકાઓ, ૮૪ નગરપાલિકાઓ, ૩૪ જિલ્લા પંચાયતો અને ૨૬૦ તાલુકા પંચાયતોની કુલ ૯,૨૬૩ બેઠકો માટે રવિવારે મતદાન પ્રક્રિયા પૂર્ણ થઈ છે. કડક સુરક્ષા વ્યવસ્થા અને ચુસ્ત પોલીસ બંદોબસ્ત હેઠળ સવારે ૭:૦૦ વાગ્યાથી શરૂ થયેલું મતદાન સાંજે ૬:૦૦ વાગ્યા સુધી ચાલ્યું હતું. આ ચૂંટણીમાં ૨૫,૫૩૭ જેટલા ઉમેદવારોનું ભાવી હવે ઈવીએમ મશીનમાં સીલ થઈ ગયું છે. વહીવટી તંત્ર દ્વારા સમગ્ર રાજ્યમાં ૪૮,૪૫૦ મતદાન મથકો તૈયાર કરવામાં આવ્યા હતા અને કોઈ પણ અનિચ્છનીય ઘટનાને રોકવા માટે ૯૨,૫૮૩ પોલીસ જવાનો તૈનાત કરવામાં આવ્યા હતા. જોકે, મે મહિનાની કાળઝાળ ગરમીને કારણે મતદાનની ટકાવારીમાં ધાર્યો ઉત્સાહ જોવા મળ્યો ન હતો, જેના કારણે રાજકીય પક્ષોમાં પરિણામોને લઈને ભારે બેચેની વ્યાપી ગઈ છે. પ્રાથમિક અહેવાલો મુજબ રાજ્યમાં અંદાજે ૪૫ ટકા જેટલું સરેરાશ મતદાન નોંધાયું છે. ચૂંટણી દરમિયાન રાજ્યના કેટલાક વિસ્તારોમાં છૂટાછવાયા હિંસક બનાવો પણ પ્રકાશમાં આવ્યા હતા. ખાસ કરીને અમદાવાદના કુબેરનગર વિસ્તારમાં આવેલી વી. વી. તોમર સ્કૂલ ખાતે ભાજપ અને કોંગ્રેસના કાર્યકરો સામસામે આવી જતાં ઘર્ષણ થયું હતું. આ ઘટનાને પગલે ઉચ્ચ પોલીસ અધિકારીઓનો કાફલો તાત્કાલિક ઘટનાસ્થળે દોડી ગયો હતો અને પરિસ્થિતિ પર કાબૂ મેળવ્યો હતો. આવી જ રીતે ગોમતીપુરના સત્યમનગરમાં આવેલી પતરાવાળી શાળામાં મતદાન મથક રાખવામાં આવતા મતદારો અને ચૂંટણી સ્ટાફ ભારે ગરમીમાં શેકાયા હતા. ત્યાં પૂરતા પ્રમાણમાં પંખા કે કુલરની વ્યવસ્થા ન હોવાથી લોકોમાં વહીવટી તંત્ર પ્રત્યે ભારે રોષ જોવા મળ્યો હતો. બીજી તરફ મહેસાણા જેવા શહેરોમાં વહીવટી તંત્ર દ્વારા મતદારો માટે મંડપ, પીવાના પાણી અને ઓઆરએસની વ્યવસ્થા કરવામાં આવી હતી, જેના કારણે ગરમી છતાં લાંબી લાઈનો જોવા મળી હતી.રાજકીય દિગ્ગજોએ પણ વહેલી સવારે પોતાના મતાધિકારનો ઉપયોગ કર્યો હતો. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે અમદાવાદમાં મતદાન કર્યા બાદ નાગરિકોને અપીલ કરી હતી કે ગરમી કે લગ્નગાળો હોવા છતાં લોકશાહીના આ પવિત્ર ઉત્સવમાં સહભાગી થવું જોઈએ. તેમની સાથે ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવીએ સુરતમાં મતદાન કર્યું હતું. જોકે, મહેસાણાના દેલા ગામના લોકોએ એક અનોખો વિરોધ નોંધાવ્યો હતો. ગામને બળજબરીપૂર્વક મહાનગરપાલિકામાં સમાવવામાં આવતા ગ્રામજનોએ એકસૂત્રે ચૂંટણીનો સંપૂર્ણ બહિષ્કાર કર્યો હતો, જેના કારણે ત્યાં મતદાન પ્રક્રિયા ખોરવાઈ ગઈ હતી. રાજકોટમાં પણ બપોરના સમયે આકરા તાપને કારણે મતદાન મથકો ખાલીખમ જોવા મળ્યા હતા અને મતાધિકાર પ્રત્યેની નીરસતા સ્પષ્ટપણે દેખાઈ આવતી હતી. આ સમગ્ર પ્રક્રિયામાં સૌથી વધુ આકર્ષણનું કેન્દ્ર વયોવૃધ્ધ મતદારો રહ્યા હતા, જેમણે યુવા પેઢી માટે જાગૃતિનું ઉદાહરણ પૂરું પાડ્યું હતું. અરવલ્લીના સાઠંબામાં ૧૧૦ વર્ષના એક વૃધ્ધાને તેમના પુત્ર લારીમાં બેસાડીને મતદાન મથકે લાવ્યા હતા, જ્યાં પોલીસકર્મીઓએ માનવતા દાખવી તેમને ઊંચકીને અંદર સુધી પહોંચાડ્યા હતા. તેવી જ રીતે પાટણના સમી તાલુકાના દાઉદપુર ગામમાં ૧૦૮ વર્ષના અણદા ખેંગાર નાડોદાએ મતદાન કરીને પ્રેરણા પૂરી પાડી હતી. પંચમહાલના કાલોલ તાલુકામાં ૧૧૨ વર્ષના અને જૂનાગઢના બીલખામાં ૧૧૦ વર્ષના વૃધ્ધે મતદાન કર્યું હતું. નોંધપાત્ર બાબત એ છે કે જૂનાગઢના આ વયોવૃધ્ધ મતદાર રાજાશાહી કાળથી અત્યાર સુધી અવિરતપણે લોકશાહીના પર્વમાં ભાગ લેતા આવ્યા છે. આ પ્રેરણાદાયી કિસ્સાઓએ ગરમીમાં પણ લોકશાહી પ્રત્યેની શ્રધ્ધા જીવંત રાખી હતી.

### ઉમણીયાવર ગામમાં મતદાનનો બહિષ્કાર

મહુવા તાલુકાના ઉમણીયાવર ગામના લોકોએ સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં મક્કમતાપૂર્વક મતદાનનો બહિષ્કાર કર્યો છે. નેશનલ હાઈવે પર યોગ્ય ‘કટ’ ન ફાળવવામાં આવતા ગ્રામજનોમાં ભારે નારાજગી જોવા મળી હતી. આ સમસ્યાને કારણે ૨૦ જેટલા ગામોને જોડતા મુખ્ય માર્ગ પર અવરજવર કરવામાં અને મહુવા પહોંચવામાં લોકોને મોટી અગવડતા પડી રહી છે. ઉમણીયાવર ગામના ત્રણેય મતદાન મથકો પર સવારથી જ શૂન્ય ટકા મતદાન નોંધાયું હતું અને એક પણ મતદાર બુથ સુધી ફરક્યો નહોતો. ગ્રામજનોએ ‘કટ નહીં તો મત નહીં’ના બેનરો લગાવી તંત્ર સામે પોતાનો વિરોધ નોંધાવ્યો છે અને જ્યાં સુધી રસ્તાની સમસ્યા હલ ન થાય ત્યાં સુધી મતાધિકારનો ઉપયોગ ન કરવાનો મક્કમ નિર્ધાર વ્યક્ત કર્યો છે.

### મુખ્યમંત્રીએ પોતાના પરિવાર સાથે મતદાન કર્યું

ગુજરાતમાં આજે ૧૫ મહાનગરપાલિકા, ૮૪ નગરપાલિકા, ૩૪ જિલ્લા પંચાયત અને ૨૬૦ તાલુકા પંચાયત માટે ઉત્સાહપૂર્વક મતદાન પ્રક્રિયા હાથ ધરવામાં આવી હતી. આ લોકશાહીના પર્વ નિમિત્તે રાજ્યના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે અમદાવાદના શીલજ ગામની પ્રાથમિક શાળા ખાતે પોતાના પરિવાર સાથે પહોંચીને મતાધિકારનો ઉપયોગ કર્યો હતો. મતદાન કર્યા બાદ તેમણે લોકશાહી પ્રત્યેની પોતાની પ્રતિબદ્ધતા વ્યક્ત કરી હતી અને રાજ્યના તમામ મતદારોને આ પવિત્ર ફરજમાં ભાગ લેવા વિનંતી કરી હતી. મુખ્યમંત્રીએ દરેક નાગરિકને જાગૃત બનીને મતદાન કરવા પ્રોત્સાહિત કર્યા હતા જેથી સ્થાનિક સ્તરે લોકશાહી વધુ મજબૂત બની શકે.

### લોકશાહીનું મહાપર્વ: વડતાલના સંતોએ કર્યું મતદાન

સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં આજે અનેરો ઉત્સાહ જોવા મળ્યો. વડતાલ સ્વામિનારાયણ મંદિરના કોઠારી દેવપ્રકાશ સ્વામી સાથે ૬૦૦થી વધુ સંતોએ મતદાન કર્યું, જેમાં ૯૨ વર્ષીય ધર્મપ્રસાદ શાસ્ત્રી વ્હીલચેર પર મતદાન મથકે પહોંચ્યા હતા. મધ્યપ્રદેશના રાજ્યપાલ મંગુભાઈ પટેલે પણ નવસારીમાં સહપરિવાર મતાધિકારનો ઉપયોગ કરી નાગરિકોને પ્રેરણા આપી હતી. ડો. સંતવલ્લભદાસ સ્વામીએ મતદાનને લોકશાહીની આવશ્યકતા ગણાવી સૌને મતદાન કરવા અપીલ કરી હતી. મધ્યપ્રદેશના રાજ્યપાલ મંગુભાઈ પટેલે મતદાન કર્યું. રાજ્યપાલ મંગુભાઈ પટેલે વોર્ડ નંબર ૧૩ ના ઉમેદવારો માટે કોન્વેન્ટ હાઈસ્કૂલના મતદાન મથકે મતદાન કર્યું હતુ.

### વડાપ્રધાનનું પોસ્ટલ બેલેટથી મતદાન

ગુજરાતમાં આજે ૧૫ મ્યુનિસિપલ કોર્પોરેશન, ૮૪ નગરપાલિકા, ૩૪ જિલ્લા પંચાયત અને ૨૬૦ તાલુકા પંચાયતોની કુલ ૯,૨૬૨ બેઠકો માટે ઉત્સાહપૂર્વક મતદાન પ્રક્રિયા પૂર્ણ થઈ છે. આ લોકશાહીના પર્વમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ વ્યસ્તતાને કારણે ગુજરાત આવવાને બદલે પોસ્ટલ બેલેટ દ્વારા પોતાનો મતાધિકાર વાપર્યો હતો. અન્ય રાજ્યોમાં ચૂંટણી પ્રચાર અને ’મન કી બાત’ જેવા કાર્યક્રમોમાં વ્યસ્ત હોવાથી તેઓ રૂબરૂ આવી શક્યા નહોતા. બીજી તરફ કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે સપરિવાર મતદાન કર્યું હતું અને ઉત્તર પ્રદેશ તથા મધ્યપ્રદેશના રાજ્યપાલોએ પણ ગુજરાતમાં આવીને મતાધિકારનો ઉપયોગ કર્યો હતો. હવે સૌની નજર ૨૮ એપ્રિલના રોજ જાહેર થનારા પરિણામો પર ટકેલી છે.

# રાજકોટ મનપા ચૂંટણીમાં કોંગ્રેસના ૨૦ કાર્યકરોની અટકાયત કરાઈ

રાજકોટ,તા.૨૬

રાજકોટમાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીના મતદાન દરમિયાન વોર્ડ નંબર ૧૫માં ભારે હંગામો જોવા મળ્યો હતો. કોંગ્રેસના ઉમેદવાર મકબુલ દાવદાણી અને તેમના આશરે ૨૦ જેટલા સમર્થકો દ્વારા આચારસંહિતાનો ભંગ કરવામાં આવતા પોલીસે તેમની અટકાયત કરી છે. જ્યારે મતદાન મથકની આસપાસ પ્રક્રિયા પૂરજોશમાં ચાલતી હતી ત્યારે આ જૂથ નિયમ વિરુધ્ધ સો મીટરની મર્યાદામાં મતદારોનો સંપર્ક કરી રહ્યું હોવાનું સામે આવ્યું હતું.

ચૂંટણી પંચના કડક નિયમો મુજબ પ્રતિબંધિત વિસ્તારમાં પ્રચાર કરવો ગુનો બને છે.



સ્થિતિ વણસે નહીં તે માટે તૈનાત પોલીસ કાફલાએ ત્વરિત કાર્યવાહી કરીને તમામની અટકાયત કરી તેમને થોરાળા પોલીસ સ્ટેશન ખસેડ્યા હતા. આ ઘટનાને કારણે સ્થાનિક રાજકીય વર્તુળોમાં ભારે ચર્ચા જાગી છે અને મતદાન મથક પર સુરક્ષા વ્યવસ્થા વધુ સઘન બનાવી દેવામાં આવી છે જેથી શાંતિપૂર્ણ રીતે મતદાન પ્રક્રિયા પૂર્ણ કરી શકાય.

# આણંદમાં ચૂંટણીમાં ફરજ દરમિયાન બૂથ કર્મચારીનું હાર્ટ એટેકથી કરુણ મોત

આણંદ,તા.૨૬

ગુજરાતમાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીની પ્રક્રિયા ચાલી રહી છે ત્યારે આણંદ જિલ્લાના તારાપુર તાલુકાના સાંસેજ ગામેથી એક અત્યંત દુ:ખદ સમાચાર સામે આવ્યા છે. સાંસેજ ગામના બૂથ નંબર-૧ પર ફરજ બજાવી રહેલા કર્મચારી અમિત સોલંકીનું મતદાન દરમિયાન અચાનક હાર્ટ એટેક આવવાને કારણે નિધન થયું છે. પ્રાપ્ત માહિતી અનુસાર, અમિતભાઈ જ્યારે પોતાની નિષ્ઠાપૂર્વક ફરજ બજાવી રહ્યા હતા, ત્યારે અચાનક તેમની તબિયત લથડી હતી અને તેઓ સ્થળ પર જ બેભાન થઈ ગયા હતા. આ કપરી સ્થિતિ જોઈને સ્થાનિક ગ્રામજનો અને અન્ય કર્મચારીઓ તાત્કાલિક તેમની



મદદે દોડી આવ્યા હતા.તેમને તુરંત જ સારવાર અર્થે તારાપુરની સરકારી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા, પરંતુ કમનસીબે ફરજ પરના ડોક્ટરોએ તપાસ બાદ તેમને મૃત જાહેર કર્યા હતા. ડોક્ટરોના પ્રાથમિક અનુમાન મુજબ આ મૃત્યુ હાર્ટ એટેકને કારણે થયું છે. અમિત સોલંકી સાંસેજ ગ્રામ પંચાયતમાં પટ્ટાવાળા તરીકે સેવા આપતા હતા.સ્થાનિક આગેવાનોએ પણ હોસ્પિટલ પહોંચી પરિવારને સાંત્વના પાઠવી હતી.

# ગોંડલ નજીક ટાયર ફાટતાં પીકઅપ પલટી, ૨ના મોત

રાજકોટ,તા.૨૬

રાજકોટ-જેતપુર નેશનલ હાઈવે પર ગોંડલ નજીક ગુંદાળા ચોકડી પાસે થયેલા અકસ્માતે દુ:ખદ પરિસ્થિતિ ઊભી કરી છે. મળતી માહિતી મુજબ, એક બોલેરો પીકઅપનું ટાયર અચાનક ફાટતાં ચાલકે વાહન પરનો કાબૂ ગુમાવ્યો હતો. ત્યારબાદ ગાડી બ્રિજની દિવાલ સાથે અથડાઈને પલટી




ખાઈ ગઈ હતી. પીકઅપમાં માછીમારીના સાધનો અને ખાલી ગેસ સિલિન્ડરો સાથે આશરે ૧૫ જેટલા શ્રમિકો ઉપર સૂતા હતા. અકસ્માત સમયે તેઓ ઊંચાઈ પરથી રોડ પર પટકાતા બે લોકોના ઘટનાસ્થળે જ મોત થયા હતા, જ્યારે અન્ય કેટલાક ગંભીર રીતે ઘાયલ થયા છે. ઘાયલોને તાત્કાલિક સારવાર માટે નજીકની હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે. આ બનાવને કારણે વિસ્તારમાં શોકનો માહોલ છવાઈ ગયો છે. પોલીસે ઘટના અંગે વધુ તપાસ હાથ ધરી છે.

# પાટણમાં મતદાન મથક પર કરૂણ ઘટના: વૃધ્ધાનું હાર્ટ એટેકથી નિધન

પાટણ,તા.૨૬

પાટણ શહેરની બી.એમ. હાઈસ્કૂલના મતદાન કેન્દ્ર પર આજે એક અત્યંત દુખદ અને આઘાતજનક ઘટના બની હતી. મતદાનની પ્રક્રિયા પૂરજોશમાં ચાલી રહી હતી તે દરમિયાન ૬૫ વર્ષીય વૃધ્ધા કમળાબેન અનિલકુમાર સોલંકી પોતાના મતાધિકારનો ઉપયોગ કરવા માટે કેન્દ્ર પર પહોંચ્યા હતા. કમનસીબે મતદાન મથક પર જ તેમને અચાનક હાર્ટ એટેક આવતા તેઓ ઢળી પડ્યા હતા અને ઘટનાસ્થળે જ તેમનું કરૂણ મોત નીપજ્યું હતું. આ ઘટનાને પગલે સ્થાનિક વહીવટી તંત્ર અને અન્ય મતદારોમાં ભારે શોક વ્યાપી ગયો હતો. બીજી તરફ વડતાલ સ્વામિનારાયણ મંદિરના કોઠારી દેવપ્રકાશ સ્વામીએ પણ સંતો અને પાર્ષદો સાથે મતદાન મથકે પહોંચી પવિત્ર ફરજ અદા કરી હતી.

# સુરતમાં માસૂમ પર દુષ્કૃત્ય, કિશોર સામે પોક્સો હેઠળ ગુનો

સુરત,તા.૨૬

સુરતના લાલગેટ વિસ્તારમાં માનવતાને શર્મસાર કરતી ઘટના સામે આવી છે. મસ્જિદના બાથરૂમમાં ૧૫ વર્ષીય કિશોરે ૫ વર્ષના બાળકને પૈસાની લાલચ આપી તેની સાથે દુષ્કૃત્ય કર્યું હોવાનો આરોપ છે. ઘટનાની જાણ બાળક દ્વારા પરિવારને કરવામાં આવતા મામલો પોલીસ સુધી પહોંચ્યો હતો.પોલીસે આરોપી કિશોર વિરુધ્ધ પોક્સો અધિનિયમ હેઠળ ગુનો નોંધી તપાસ શરૂ કરી છે. બાળકને તાત્કાલિક સારવાર માટે હોસ્પિટલમાં ખસેડાયો હતો. ઘટના બાદ વિસ્તારમાં ચકચાર મચી છે અને લોકોમાં રોષ જોવા મળી રહ્યો છે.







